**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦

વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

## ✿ અનુક્રમણિકા ✿

| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | તંત્રી | ૩ |
| ભક્તિની સાધના | શ્રી યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| મારા વિષે મને આશ્ચર્ય | ઈશ્વર પેટલીકર | ૧૩ |
| પૂર્ણાહુતિ દિન | ડો. બી. જે જાગાણી | ૧૯ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૩૦ |
| સ્વર્ગારોહણ તીર્થ | ભરતકુમાર ત્રિવેદી | ૩૮ |
| શ્રદ્ધાનું શિખર-ભાદરવી પૂનમનો મેળો | નારાયણ હ. જાની | ૪૬ |
| એક વાચકનો પ્રતિભાવ | તંત્રી | ૪૯ |
| પોલિયોગ્રસ્ત કે અપંગોનાં ઓપરેશન | અનામી સેવક | ૫૦ |
| મફત રોગનિવારણ સેવાયજ્ઞ | ડો. ઘનશ્યામભાઇ દેસાઇ | ૫૨ |
| શ્રી શ્રી ંમા શારદાદેવી–(૧૨) | પ્રો. અરુણિકા મનોજ દરૂ | ૫૩ |
| 'સભાન શાશ્વતી' | પ્રો. તરલા દેસાઇ | ૬૧ |
| શ્રી વિષ્ણુસહસ્ર સમશ્લોકી | યોગેશ્વરજી | ૬૪ |

### ભક્તિસુધા

વાણી બીજું બોલતાં, ભેકવાણીસમ થાય;
માટે અન્ય વદવું ત્યજી, લે પ્રભુનામ કદાય? ૩૭
ક્યારે મુજ નેત્રો વિષે, પ્રભુરૂપની છાપ;
સુસ્થિર રહેશે સર્વદા, ધોઇ સઘળાં પાપ? ૩૮
અન્ય રૂપ જોવાતણો, વેગ ન રહો જરાય;
નેણાં પ્રભુદર્શન વિષે, રાજી રહો સદાય. ૩૯

**(મહારાજશ્રીનથુરામશર્મા)**

## ❋ અભિનંદનીય સહાય ❋

વિદેશની ધરતી ઉપર યુવાનીમાં ભગતરામ જેવું નિજાનંદે મસ્ત જીવન જીવનારને, આજ્ઞાંકિત, સમજુ, મીત-ભાષી, શ્રદ્ધાળુ ગૃહદેવી મળ્યાં છે.

એ દંપતી શ્રી BHRના ગૃહસ્થા-શ્રમમાં દાનની ગુપ્તગંગા પણ સતત વહેતી રહી છે.

અધ્યાત્મનો આ અંક એ એમની ગુપ્તગંગાની જ એક ધારા છે. એ દંપતીનું પરમ મંગલ હો, ભજનથી ભવપાર હજો, એ પ્રાર્થના છે. આભાર.

—મા.



# ભક્તિની સાધના

યોગેશ્વરજી

કહે છે કે સમુદ્રમાં એક વિશેષ પ્રકારની માછલી થાય છે તે સ્વાતિ નક્ષત્રનું જ પાણી પસંદ કરે છે. આકાશમાં જ્યારે સ્વાતિ નક્ષત્ર આવે છે ત્યારે તે તેના વરસાદી વાદળમાંથી વરસતા જલબિંદુને ઝાલી લે છે, ને સમુદ્રમાં ડૂબકી મારીને ઊંડે જતી રહે છે. દિવસો પછી એની જીવનસાધના પૂરી થાય છે અને એના ઉદરમાં મોતી બને છે. માછીમારો એને પકડીને એ મોતીને હસ્તગત કરે છે. ભગવાનના ભાવભીના ભક્તના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. પરમાત્માના પરમ કૃપાપાત્ર સત્પુરુષ સ્વાતિ નક્ષત્રના વરસાદી વાદળ જેવા છે. એમનો આપેલો મંત્ર કે સદુપદેશ જલબિંદુ જેવો જીવનપ્રદાયક છે. તેને ઝાલીને ભક્ત સંસારસાગરમાં જીવનને કૃતકૃત્ય કરનારી આત્મિક સાધનામાં લીન બને છે. જેને સદ્ગુરુના સદુપદેશ કે મંત્રશ્રવણનો લાભ મળ્યો છે તેને માટે બીજું કયું સાધન શેષ રહે છે? તે તો પોતાની સમગ્ર ચિત્તવૃત્તિને તેમાં પરોવીને એની સાથે એકરૂપ બની જાય છે તો છેવટે તેને પરમાત્મદર્શન, સ્વાત્મસિદ્ધિ કે પ્રશાંતિરૂપી પરમમૌક્તિકની પ્રાપ્તિ થાય છે. તેનું જીવન ધન્ય બને છે.

ભક્તના જીવનનો સાચો આનંદ શેમાં રહેલો છે? પરમાત્માના પરમ પવિત્ર પ્રેમમાં અને એને પરિણામે થતા પરમાત્માના દિવ્ય દર્શનમાં. એ સિવાયની બીજી કોઈ પણ વસ્તુઓ મળે કે સિદ્ધિઓ સાંપડે તોપણ એનું અંતર પરિતૃપ્તિને નથી પામતું. ભક્તજીવનની સાચી કૃતાર્થતા ભગવાનની સુખદ સંનિધિમાં જ રહેલી છે. ભક્તિની સાધનાનું સાફલ્ય એમાં જ

સમાયેલું છે. એને યાદ રાખીને ભક્ત ભક્તિની સાધનામાં આગળ વધે છે.

નામજપની સાધના ભક્તિસાધનાના સારતત્ત્વ સમાન છે. 'જપથી સિદ્ધિ સાંપડે છે, જપથી ને જપથી જ વારંવારના એકધારા અભ્યાસથી સિદ્ધિ મળે છે. **'જપાત્ સિદ્ધિઃ જપાત્ સિદ્ધિઃ જપાત્ સિદ્ધિઃ પ્રયત્નતઃ।'** કહીને એ જ હકીકત પ્રત્યે અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે. નામજપથી ક્રમેક્રમે જીવનની શુદ્ધિ થાય છે, મન એકાગ્ર થાય છે, પરમાત્માનો પ્રેમ પ્રકટે છે, શાંતિ અનુભવાય છે, સમાધિનું સુખ સાંપડે છે, ને દર્શનનો મોટામાં મોટો લાહવો મળી રહે છે. અને ભગવાનનું દર્શન થતાં શું બાકી રહે છે? ભગવાન પોતાનું દૈવી દર્શન આપીને ભક્તની સઘળી મનોકામના પૂરી કરે છે—અલબત્ત, એની એવી કોઇ મનોકામના હોય છે તો.

યોગી યોગની દીર્ઘકાલીન કષ્ટપ્રદ સાધનાથી જે પામે છે તથા પામી નથી શકતો તેવી કેટલીય વસ્તુઓની પ્રાપ્તિ ભક્ત ઇષ્ટના દર્શનથી એમના અસાધારણ અમોઘ અનુગ્રહના પરિણામ રૂપે સહજ રીતે જ કરી લે છે. ભક્ત એમની આગળ અખંડ યૌવનવાળા, વ્યાધિરહિત, દિવ્ય મૃત્યુંજય શરીરની અને અણિમાદિ સિદ્ધિઓની માગણી કરે તો ભગવાન એમને ઉચિત લાગતાં તથાસ્તુ કહી વરદાન આપીને એ સઘળું અર્પણ કરે છે. ભગવાનના અનંત ભંડારમાં કશાની ખોટ નથી. પરંતુ તેને માટે ભગવાનનો સાક્ષાત્કાર કરીને એમના શ્રીમુખમાંથી તથાસ્તુ કહેવડાવવા જેટલી યોગ્યતા હોવી જોઇએ. એ યોગ્યતા કે શક્તિને કાંઇ નાનીસૂની નથી સમજવાની. એની સંપ્રાપ્તિ થતાં જીવન ધન્ય બને છે.



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૮ ઓક્ટોબર—૨૦૦૬ અંક ૧

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૬—૧૨—૮૧ રવિવાર, માગસર સુદ નોમ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટા એના, કેલીફોર્નીયા, અમેરિકા.**

સવારના સત્સંગમાં આજે પૂ. શ્રીએ માતાજીનું પુણ્યસ્મરણ કર્યું. પૂ. શ્રી કહેવા લાગ્યા, 'માતાજી પ્રતિકૂળતામાં પણ ફરિયાદ કર્યા વિના સાથે જ રહ્યાં. ભોજનનો નિયમ ઘણી પ્રતિકૂળતા આપતો, પણ કંટાળ્યા વિના તે રહ્યાં.'

એમ કહી પંજાબ, દિલ્હી, પરદેશની માતાજીની મુશ્કેલીની વાતો કરી. વળી આજે સત્સંગમાં શ્રીસુરેશભાઇ પરીખના પત્રો વાંચી સંભળાવી, તેઓ કેનેડામાં મળ્યા તેની વાતો કરી. પૂ. શ્રીએ કહ્યું, 'જગદંબા જાણે આવા કરમાતા છોડને પાણી સીંચવા જ મોકલતાં હશે.' વળી આબુ, અંબાજીના પ્રવાસની વાતો થઇ. ત્યાં વળી નેબ્રાસ્કાથી શ્રી દુર્લભભાઇનો ફોન

આવ્યો. જેથી પૂ. શ્રીએ તેમને ફોન પર ધ્યાનના અનુભવો અંગે માર્ગદર્શન આપ્યું. આજે મુલાકાતની બેઠકમાં ખાસ નોંધ-ને યોગ્ય ચર્ચા ન થઇ.

બપોરે ભોજન બાદ આજકાલ બેઠકનો કાર્યક્રમ થાય છે. આજે પૂ. શ્રીએ મઠ, ભાત ને પૂરીનું ભોજન લીધું. ભોજન બાદ બેઠક થઇ. ત્યાર બાદ આરામ. સવારે પૂ. શ્રી પોતાના નિત્ય ક્રમમાં નિયમિત રહ્યા.

આજે સર્વેશ્વરી દસેક પત્રો નિવેદીતા પાસે લખાવે છે, જેમાં બપોરનો બધો જ સમય તેમાં વીતે છે. સાંજે ૬.૩૦ થી ૭૧૫ ની બેઠક થઇ. ધ્યાનની બેઠક પછી રાતની મુલાકાત એટલે કે સત્સંગની બેઠક શરૂ થઇ ત્યારે આઠ વાગ્યા હતા. સત્સંગની બેઠક દરમ્યાન કેનેડાથી ફોન આવે છે, જેમાં પૂ. શ્રી તેમને આશીર્વાદ આપતાં કહે છે, ‘ઉંઘ્યા પછી જાગે તેની જ કિંમત વધારે હોય ને હવે જાગેલા જ રહેજો. બધી રીતે લાભ થાય ને! ખૂબ સાધન ભજન કરજો. અમારા આશીર્વાદ છે જ.’

કેનેડાથી જે ભાઇનો ફોન હતો તેમણે પૂ. શ્રીના સંપર્કમાં આવ્યા પછી વ્યસનમાંથી છૂટવા પ્રયત્ન કર્યો ને છેલ્લા બે માસથી વ્યસન મુક્ત થયા છે. પૂ. શ્રીએ એ જાણીને આનંદ વ્યક્ત કરી આશીર્વાદ આપતાં ઉપરના વાક્યો કહ્યાં.

ફોનની વાતચીત પછી શ્રી ઈશ્વરભાઇ પાસે એક ભજન ગવડાવ્યું. પછી પૂ. શ્રીએ (૧) જય અંબે માત ભવાની, ગવ-ડાવ્યું. અને વચ્ચે વચ્ચે સમજાવવા માંડ્યું. વળી (૨) તમે કરુણા કરો બાળક પર, કરુણા કરો. એ નવું ભજન સંભળાવી કહ્યું, ‘પાણી ઉપર ઉપવાસો ચાલતા હતા ત્યારે લખાયું એટલે આ બધાં લોહીથી લખાયેલાં. શોખ ખાતર નથી લખાયાં.’ એમ



કહી ‘આરતી’ ભજન સંગ્રહનાં પાના ફેરવે છે. વળી કહેવા લાગ્યા, ‘આ ‘મા’નું ધ્યાન કરો ત્યારે મુખમંડળના દર્શન કરતાં આવા ભાવો કરવા,’ એમ કહી ૩. સુહાયે માનું મુખ કેવું! મધુથી ભરેલું, જ્યોતિ જડેલું, જીવન ધન જેવું...’

ઉપરની લીટીઓ પૂ. શ્રીએ ગાવા માંડી. આખુંયે ભજન ગાઇ સંભળાવ્યું. ત્યાર બાદ, ૪. હરિનામને ગાવાનો મને રંગ છે લાગ્યો... ૫. કામ ક્રોધને દૂર કરીને પ્રભુનું ભજન કરી લે—આ ભજન ગવડાવ્યું ને કહ્યું, ‘બે જ લીટીમાં સાર આવી જાય છે.’

ભજન પૂર્ણ થતાં પૂ. શ્રીને સર્વેશ્વરીએ કહ્યું કે,

ઇંગ્લેન્ડ એક ભાઇની સાથે આજે ફોનથી વાત કરવી છે?

શા માટે?

તે ખૂબ મૂંઝવણ અનુભવે છે તો આપ જરા તેને શાંતિ આપો.

પૂ. શ્રી એ સાંભળી કહેવા લાગ્યા : આખા જગતને જ મૂંઝવણ તો હોય છે. મહાત્મા સિવાય સૌ કોઇને મૂંઝવણ! હવે તો મહાત્માઓને પણ મૂંઝવણ વધી છે. મઠ, આશ્રમ, શિષ્યો-ની. જેટલું ભગવાનનું નામ લઇએ તેટલું જ સુખ મળે.

સદા સુખીયા સંસારમાં સંત, દુર્જન દુઃખીયા રે,<br>
ના આવે અકળામણનો અંત, મૂરખ મન મુખીયા રે.

એક બેનને પૂછ્યું, કેમ આનંદ છે ને? તે કહે, એક મૂંઝવણ છે. શાની? બધી રીતે સુખ છે પણ મારા પતિ ઓફિસથી મોડા આવે છે. બીજાં એક બેન કહે, બધી રીતે આનંદ છે પણ મારા પતિ ઘણી વાર કામ પરથી વહેલા આવે છે. ત્યારે મારાથી બહાર જઇ શકાતું નથી, તે મૂંઝવણ છે.

એક ભાઈ કહે, પૈસા નથી તે મોટી મૂંઝવણ છે. તો વળી એક ભાઈ કહે, પૈસા ઘણા છે તેને ક્યાં મૂકવા તેની મૂંઝવણ છે!

આ યુગમાં બધાને જ મૂંઝવણ. મૂંઝવણ વગરનો માણસ એ આ જગતની દસમી અજાયબી ગણાય! ફિકરની ફાકી કરે ઉસકા નામ ફકીર!

પૂ. શ્રીએ મૂંઝવણ ઉપર આટલી બધી વાતો કરી આનંદ કરાવ્યો. પછી ફોનથી વાત કરી. સામે જ ઉતારો હતો ત્યાં આવી જવાનું બને છે. પૂ. શ્રીએ મમરા ને દૂધ લીધા પછી આરામ થયો.

અમેરિકામાં મોટલનો ધંધો મોટે ભાગે ભારતથી આવેલા લોકો કરે છે. સામાન્ય રીતે ૧૦ થી ૧૦૦ ઓરડાઓની હોય છે. ઓરડામાં જ જાજરૂ ને બાથરૂમ. બાથરૂમને અહીં 'રેસ્ટરૂમ' કહેવાય છે. કેનેડામાં 'વોશરૂમ' કહેવાય છે. કોઈ કોઈ વળી હોટલ પણ ચલાવે. એમાં મોટુ એપાર્ટમેન્ટ જેવું હોય. જેમાં ૭, ૧૫, ૨૧ દિવસને માટે પણ લોકો ભાડે રહે છે. ઘરકામ કે મોટલના કામ માટે માણસો મળતા નથી. મળે છે તો તેને એક કલાકના ૩ ડોલર, એટલે કે લગભગ ૨૫ રૂપિયા આપવાના રહે છે. અહીં હોસ્પીટલનો ખર્ચ ખૂબ ભારે હોય છે. મફત સારવાર અહીં મળતી નથી. અહીં શાળાઓમાં બાળકો નોટ-બુકને બદલે છૂટા કાગળો જ વાપરતા હોય છે. તે કાગળો ફાઈલમાં મૂકવામાં આવે. ભારત જેવી બાંધેલી નોટબુક અહીં ખાસ જોવા ન મળે. મોટે ભાગે બાળકો શાળામાંથી આવે ત્યારથી મુખ્ય પ્રવૃત્તિ ટી. વી. જોવાની જ હોય છે! તે ખાસ નોંધને યોગ્ય છે. શિક્ષણ અને સંસ્કારના એ માધ્યમનો બહોળો ઉપયોગ જોવા મળે છે. હરિઃ ૐ.



**તા. ૭–૧૨–૮૧ સોમવાર, માગસર સુદ અગિયારસ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટા એના, કેલીફોર્નીયા, અમેરિકા.**

સવાર થયું. પૂ. શ્રીએ સ્નાન કર્યું, શીર્ષાસન કર્યું, પછી લેખન કાર્ય શરૂ થયું. વચ્ચે દૂધ પીધુ. લંકાકાંડનું લેખન ચાલે છે. વચ્ચે વળી વિદેશની નોંધ પણ લખે છે. આજે સાઉથ પોર્ટ ને પ્રેસ્ટનની નોંધ લખવામાં આવી રહી છે. લેખન કાર્ય બાદ પૂ. શ્રી થોડો આરામ કરે છે. આજે અગિયારસ હતી જેથી પૂ. શ્રીએ રબડી લીધી. મુલાકાતના સમયે આજે ખાસ કોઈ પ્રશ્નોત્તરી ન થઈ.

માતાજીની શારીરિક બળતરા એક સાધુની દવાથી મટી હતી તેની વાતો થઈ. વળી સ્ટોકસ્ટનથી શ્રી ધીરુભાઈ આવ્યા હતા. તેઓએ પૂ. શ્રીને એક અઠવાડિયું આરામ માટે જ આવવાનું આમંત્રણ આપ્યું. વળી એક પ્રશ્નની ચર્ચામાં પૂ. શ્રીએ પોતાનો અભિપ્રાય આપતા કહ્યું : 'ખંડિત મૂર્તિની પૂજા ન થાય.' તે અંગે રામકૃષ્ણદેવે આપેલું દૃષ્ટાંત સમજાવ્યું.

મુલાકાત પૂરી થતાં પહેલાં શ્રી ધીરુભાઈએ પૂ. શ્રીને કહ્યું, 'ગુજરાતને તો ઘણી વાર લાભ મળે છે. પણ આ તરફ એક વરસનો કાર્યક્રમ રાખવો જેથી અહીં સૌને લાભ મળે.'

પૂ. શ્રી : રસોઈયા જુદાં જુદાં ઘણા છે પણ સારા રસોઈયા તો બધે જ જરૂરી. ગુજરાતને એની વધારે જરૂર છે.

પૂ. શ્રીએ ઉતારા પર આવી આરામ કર્યો. સાંજે એક કલાક લેખન કરે છે. આજે યજમાન પત્ની શ્રી કંચનબેને પૂ. શ્રી પાસે મંત્ર લીધો. મંત્ર લીધા બાદ પૂ. શ્રીએ ધ્યાનની સમજ આપી. મંત્ર સાથે જ્યોતિનું ધ્યાન કરવાની સમજ આપી. શ્રી કંચનબેને પૂ. શ્રીને તિલક કરી ફૂલનો હાર પહેરાવી પૂ. શ્રીના શ્રી

ચરણોમાં ૧૫૧ ડોલરનું કવર ગુરુદક્ષિણા રૂપે ધર્યું. પૂ. શ્રીએ તે પાછું આપતાં કહ્યું, 'અમારી પ્રાચીન પરંપરા એવી છે કે મંત્ર દીક્ષા આપીએ ત્યારે દક્ષિણા ના લેવાય. જેથી હું આજે આ રકમ નહીં લઇ શકું.' તે બેને પછી પૂ. શ્રીના શ્રી ચરણો ઉપર મસ્તક મૂકી પ્રણામ કરવાની ભાવના વ્યક્ત કરી. પૂ. શ્રીએ કહ્યું, 'મનથી જ મસ્તક મૂકીને પ્રણામ કરવા એટલે શું? નમ્રતા. મસ્તક મૂકી પ્રણામ એટલે—સમર્પણ ભાવે પ્રણામ કામનું, ક્રોધનું, રાગનું, દ્વેષનું અહંકારનું, સર્વ પ્રકારે ચરણોમાં સમર્પણ.' શ્રી કંચનબેન પ્રણામ કરી વિદાય થયાં.

સાંજે પ્રવચન માટે દૂર જવાનું હતું. આજે ખૂબ ભારે ધુમ્મસ હતું છતાં જવા નીકળ્યા. પ્રવચન સ્થળ, લાબોનીરા મોટલ, એલમોન્ટેમાં હતું. પ્રવચન સ્થળે બે બેઠકો હતી. પૂ. શ્રીનું તથા સર્વેશ્વરીનું ફૂલ, ચંદનથી સ્વાગત થયું. પૂ. શ્રીએ પ્રવચન દરમ્યાન 'મન લાગો મેરો યાર ફકીરીમેં...' ભજનની સુંદર ચર્ચા કરી. પ્રવચન બાદ સર્વેશ્વરીએ બે ભજનો ગવડાવ્યાં. પ્રસાદ વિતરણ બાદ વિદાય થવાનું બન્યું. આજે સાંજે પૂ. શ્રીએ દૂધ જ લીધું. પછી આરામ. આજે પ્રવચન સ્થળે જતાં માર્ગમાં એક—બે પ્રશ્નોની ચર્ચા થઈ.

પ્રશ્ન : ધંધો કરતા હોય તેની કમાણીની પૂરી રકમ જો હિસાબમાં લખીએ તો ટેક્ષ ઘણો લાગે. પરિણામે ખર્ચને પહોંચી ન વળાય તો શું કરવું?

પૂ. શ્રી : ધંધાની એ વ્યવહારુ નીતિ ગણી શકાય. ટેક્ષમાં સરકારને આપો કે સત્કર્મમાં તે રકમ વાપરો સરખું જ છે. તમારા મનને એ વાત ડંખે તો તમે સત્કર્મમાં તે રકમ દર વરસે વાપરો.



શ્રી ભગવાનજીભાઇ : આપ હાલ જે રામાયણનું લેખન કરી રહ્યા છો તેના પ્રકાશન ખર્ચ પેટે રકમ અમારે આપવી છે તો તે આશરે કેટલી થાય તે જણાવો.

શ્રી ભગવાનજીભાઇ ને શ્રી કંચનબેનના હૈયે 'અધ્યાત્મ' માસિકનો પ્રચાર ને પૂ. શ્રીના સર્વમંગલ ટ્રસ્ટને બનતી બધી જ મદદ કરવી એ વાતના વિચારો જ મનમાં ચાલ્યા કરે છે! સત્કર્મની ભાવનાવાળાં પતિપત્ની એ આદર્શ ગૃહસ્થાશ્રમનું ઉત્તમ દષ્ટાંત છે, એવું એમના જીવનમાં જોવા મળે છે.

હરિઃ ૐ (ક્રમશઃ)


કોઈ પણ માનવે પોતે દીન છે, હીન છે, નિર્બળ છે, એવી ગ્રંથિથી ન પીડાવું જોઇએ. અરે, આપણે પ્રભુના પુત્રો છીએ, એ ખુમારી સાથે આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધવું જોઇએ. પોતાના માટે દીનહીન ભાવ રાખનાર જીવનમાં ભાગ્યે જ કાંઇ પામી શકે છે.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# મારા વિષે મને આશ્ચર્ય!

ઈશ્વર પેટલીકર

[આ લેખ આજથી ૨૫ વર્ષ પહેલાં એટલે જૂન, ૧૯૮૧ માં સ્વ. શ્રી પેટલીકર સાહેબે અધ્યાત્મમાં લખેલ. એ એક સારા ગાંધીવાદી વિચારક, કાર્યકર અને લેખક હતા. ખૂબ સરળ અને નિખાલસ માણસ.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પરિચયે તેમના જીવન-નાં પાછલાં વર્ષોમાં જે પરિવર્તન આવ્યું, તેની રજૂઆત ખૂબ નિખાલસભાવે તેઓએ સદર લેખમાં કરી છે. તે છતાં ખૂબ મહત્ત્વની વાતનો ઉલ્લેખ સદર લેખના અંતભાગમાં કર્યો છે, તે છે. પોતાના ટૂકા પરિચયે તેઓએ પૂ. મામાં ગુજરાતની મીરાં-ની ઝાંખીની જે વાત સમાજ સમક્ષ મૂકી તે છે. લાગે છે કે આજના પૂ. માના આધ્યાત્મિક જીવનના સંદર્ભમાં તેઓ કેટલા બધા સાચા હતા! — **તંત્રી**]

અમદાવાદમાં તા. ૧૫—૫—'૮૧ થી તા. ૨૧—૫—'૮૧ ના એક સપ્તાહ માટે પરમ પૂજ્ય મહાત્મા યોગેશ્વરજીના સાન્નિધ્યમાં ધ્યાન—સાધના શિબિર યોજાઇ હતી. એમાં હું જોડાયો તે જાણી સ્નેહીઓને આશ્ચર્ય થયું હતું. મને પોતાને મારા વિષે આશ્ચર્ય થાય તો સ્નેહીઓને થાય તેમાં નવાઇ ન હતી. મેં જિંદગીમાં પ્રાર્થના કરી નથી, દેવદર્શન એ ભાવે કર્યા નથી, મૂર્તિપૂજામાં શ્રદ્ધા નથી. ઈશ્વર છે તેવી વારસાગત શ્રદ્ધા હોવા છતાં એ નિરાકાર ચેતનશક્તિ છે. એ કોઇ વ્યક્તિની માફક કોઇનાં અંગત કાર્ય કરે અને તેના ઉપર કૃપા કરે તેવો પ્રભુ વિષે સ્વીકાર ન હતો. કર્મ એ જ વ્યક્તિને તારનારું અને



ડૂબાડનારું સાધન છે. બને તેટલાં સારાં કર્મ કરવાં, બૂરાં કર્મથી દૂર રહેવું. બને તો બીજાનું કાર્ય ફરજ સમજીને કરી છૂટવું અને ન બને તો કંઇ નહિ, પણ કોઇનું અહિત ન કરવું. ભક્તિ એ પ્રભુસ્મરણમાં નથી, પૂજાપાઠમાં નથી, દેવદર્શન કે દેવસેવામાં નથી, પણ સારા આચરણમાં છે. આવી માન્યતાને લીધે ઈશ્વર છે કે નહિ, તેની મથામણ કરી નથી. હશે તો ય એ આપણા ઉપર નારાજ થવાનો નથી. એને ન સંભાર્યો એટલે કર્મનું મૂલ્ય ઓછું આંકવાનો નથી. અને નહિ હોય તો પણ કંઇ ચિંતાનું કારણ નથી.

ગીતામાં પોતાની પ્રકૃતિ ઓળખીને સ્વધર્મ—કાર્યક્ષેત્ર સ્વીકારી લેવું તે શ્રેયસ્કર છે તેમ કહેલું છે. તેની જાણકારી થઇ તે પહેલાં અનાયાસે સાહિત્યનું ક્ષેત્ર પસંદ કરવાનું સૂઝ્યું હતું અને તેને વળગી રહેવાનું અને બીજા તરફ ફાંફાં મારવાની વૃત્તિ થઇ ન હતી. જીવનમાં અનાયાસે અનુકૂળતા મળતી રહી હતી અને ચિત્તને શાંતિ હતી. એટલે એ શાંતિ મેળવવા પણ પ્રાર્થના—પ્રભુ સ્મરણની જરૂર લાગી ન હતી. સાહિત્યનું ક્ષેત્ર એટલે વિવિધ વિષયનાં પુસ્તકો વાંચવાનો શોખ—આનંદ તેથી ધર્મનાં પુસ્તકો પણ વંચાતાં રહ્યાં હતાં. પ્રાર્થનાઓ—ભજનો પણ વંચાતાં રહ્યાં હતાં. પરંતુ વાચનના એક ભાગ તરીકે—ભક્તિના કોઇ ભાગ તરીકે નહિ. શ્રી રમણ મહર્ષિ અંગે ખાસ કંઇ વાંચવા મળેલું નહિ. થોડાં વર્ષ ઉપર 'ભગવાન રમણ મહર્ષિ, તેમનું જીવન અને કાર્ય' એ પુસ્તક, મારા પુસ્તકોના પ્રકાશક મેસર્સ આર. આર. શેઠની કંપની તરફથી પ્રગટ થયું હતું. આથી એ પ્રકાશક તરફથી મને ભેટ મળ્યું. વાંચવાથી આનંદ થયો અને એક આધ્યાત્મિક જીવન ગાળનાર સંતનો અનુભવ—

ભાવના જાણ્યાં. એના લેખક યોગેશ્વર પણ કોઇ સંત હશે અને તેમનું જીવન પણ નાનપણથી ત્યાગી અને આધ્યાત્મિક હશે તેમ તે વખતે ખ્યાલ પણ નહિ. લેખક ઊંડા અભ્યાસી અને વિદ્વાન છે એવી છાપ પડેલી એટલું જ.

અમદાવાદમાં છેલ્લાં પાંચ–છ વર્ષથી એમનાં પ્રવચનો થતાં તેની જાણકારી ન હતી. જો કે જાણવા મળેલું કે તે કેવળ લેખક–અભ્યાસી નથી પણ સાધકજીવન ગાળેલા સંત છે. '૭૯ માં તેમનાં પ્રવચનો પત્યા પછી તેની જાણ થયેલી ત્યારે એમને હાર્ટ એટેક આવેલો છે તે સમાચર મળેલા. '૮૦ ના ડિસેમ્બર-માં એમનાં પ્રવચનો ભક્તિ ઉપર યોજાયેલાં જાણતાં એ સાંભળવાની ગણતરી રાખી. યોગેશ્વરજીનાં પ્રવચનોએ એ છાપ પાડી કે યોગેશ્વરજી આચારનો મહિમા કરતા નથી, પરંતુ આચરણમાં ઊતરે તો જ એ સાર્થક છે. ભક્તિ કર્તવ્યમાં પરિણમવી જોઇએ. નાગરિક જે ક્ષેત્રે કાર્ય કરતો હોય તેમાં નિષ્ઠાવાન બનેલો હોવો જોઇએ. સમાજ અને રાષ્ટ્રપ્રત્યે અભિમુખ બનેલો હોવો જોઇએ. જે પ્રભુ પ્રત્યે અભિમુખ બનેલો છે તે સમસ્ત સૃષ્ટિ પ્રત્યે અભિમુખ હોવો જોઇએ. જો તેવું ન હોય તો એ સાચી ભક્તિ નથી. પ્રાર્થના, ધ્યાન, ભક્તિ એ જીવન ઘડતરનું શ્રેષ્ઠ સાધન છે.

આ અંગે નિયમિત વર્ગો ચાલતા હોત તો જ જેને રુચિ હોય તેને માર્ગદર્શન મળે અને તેવું વાતાવરણ પ્રાપ્ત થાય. તેથી અમદાવાદમાં ત્રણેક જગાએ તે પ્રવૃત્તિ એમના સાધકો તરફથી ચાલતી હતી. વળી એ પ્રવચનો પછી નવા વર્ગનું કેન્દ્ર મારી નજીક બહેનો મંદિર સંભાળે છે તે કાચના મંદિરમાં પૂજ્ય યોગેશ્વરજીના આશીર્વાદથી ડિસેમ્બરની વીસમી તારીખે શરૂ



થયું. જો એ માર્ગ જીવન ઘડતરમાં ઉપયોગી થતો હોય તો એનો અનુભવ કરવો. ઈશ્વર સાક્ષાત્કારનો રસ પહેલાંય નહોતો અને આજેય તે જાગ્યો છે તેવું નથી. આ કેન્દ્ર કોઇ સાંપ્રદાયિક પરંપરાને અનુસરતું નથી. ઈશ્વરનાં ગમે તેટલાં નામ હોય પણ તે એક જ છે. આથી જે ને જે નામે ધ્યાન–જપ કરવાં હોય તે કરે પણ સહસ્રનામી એક ઈશ્વરને પહોંચે છે. એમાં છેલ્લી સમાધિની ભૂમિકાએ પહોંચે છે તેને આત્મ-સાક્ષાત્કાર, ઈશ્વર સાક્ષાત્કારની અનુભૂતિ થાય છે. એ કક્ષાએ ન પહોંચે પણ યોગવાશિષ્ઠમાં જે સાતભૂમિકામાં કહી છે તે પ્રમાણે અનાસક્તિએ પહોંચે તો એનાં કાર્યો સર્વ પ્રત્યે પ્રેમ સાથે સમાજ અને પોતાના વિકાસના શ્રેયનાં બની રહે.

પ્રાર્થના કે ધ્યાનમાં બેઠા સિવાય હું મારું આત્મનિરીક્ષણ કરતો રહેતો રહ્યો છું. કોઇ પણ જાગ્રત નાગરિક તે કરે જ, તેમાં કંઇ મારી વિશેષતા છે તેવું હું માનતો નથી. પરંતુ શિબિરમાં તા. ૧૬ મીએ પૂજ્ય યોગેશ્વરજીએ ધ્યાનનો મહિમા જણાવતાં કહ્યું કે, આપણે આપણા આત્મસ્વરૂપને ઓળખીયે તો બીજામાં તે સ્વરૂપનું દર્શન કરી શકીએ. જે પોતાનું એ સ્વરૂપ જોઇ શક્યો ન હોય તે બુદ્ધિથી બીજામાં તે જોવા માગે પણ પૂરું જોઇ શકે નહિ. આ કંઇ નવું રહસ્ય હતું તેવું ન ગણાય. પરંતુ તે ક્ષણે મને થયું કે હું જેને આત્મનિરીક્ષણ માનું છું તે પ્રકૃતિ નિરીક્ષણ છે. મારી પ્રકૃતિનું હું નિરીક્ષણ કરતો હતો. આત્મતત્ત્વ ઓળખવાનો મેં શ્રમ લીધો નથી, પ્રયત્ન કર્યો નથી. એ જ્યોતિ સ્વરૂપ છે તેમ વાંચેલું, એ ન જોઇએ કે જોઇએ તેથી શું જીવનઘડતરમાં ફેર પડવાનો હતો? આપણે કંઇ મોક્ષ જોઇતો નથી. આ જન્મમાં સુખ છે પછી નવા જન્મમાંથી

મુક્તિ શું કામ જોઈએ? હવે થયું કે મુક્તિ માટે જ નહિ, જીવન ઘડતર માટે પણ એ લાભદાયી બની રહે. સર્વ પ્રત્યે સમભાવ, પ્રેમભાવ પોતાપણાના અભેદભાવ વિના પૂર્ણ બને નહિ. આજે બુદ્ધિથી તેને સમજીએ છીએ, તે રીતે જાગ્રતિપૂર્વક વર્તવા પ્રયત્ન કરીએ, પણ તેવો ભાવ હૃદયમાં અનુભવવો સહેલો નથી. મોક્ષ માટે નહિ, પણ આ દુનિયામાં કર્તવ્ય બજાવવા માટે પણ આત્મનિરીક્ષણ જરૂરી છે. ગાંધીજી પ્રાર્થના ઉપર ભાર મૂકતા હતા, તે આસક્તિ વિના કર્તવ્ય બજાવવા માટે પણ આત્મનિરીક્ષણ જરૂરી છે. ગાંધીજી પ્રાર્થના ઉપર ભાર મૂકતા હતા, તે આસક્તિ વિના કર્તવ્ય બજાવવા તે મૂડી જરૂરી છે, તેમ સમજાયું.

મારે માટે શિબિરમાંથી આ સમજ શ્રદ્ધા પ્રાપ્ત થઈ તેમ કહેવાય. છેલ્લા પાંચ મહિનાથી નિયમિત ધ્યાનમાં બેસવાનો નિયમ ચાલે છે. નિયમ ચાલે છે એટલું જ કહેવાય, ધ્યાન થાય છે તેમ ન કહેવાય. જેમાં રસ જાગ્યો નથી, કેવળ એ જીવન-ઘડતર માટે જરૂરી છે તેવા ખ્યાલથી અભ્યાસ આરંભ્યો છે. શિબિરથી એ અભ્યાસનું મહત્ત્વ વિશેષ વધ્યું છે. મારે માટે તેમ જ શિબિરના સર્વને માટે પરમ ભગવતી મા સર્વેશ્વરીજીના સાધક તરીકેના અનુભવો એ પ્રેરક બની રહ્યા તેમ કહી શકાય. મીરાંની મૂર્તિ તેમનામાં પ્રત્યક્ષ થતી જોવા મળી. સંતોને શિષ્યો મળતા હોય છે, અધિકારી શિષ્યો મળતા હોય છે, પણ સ્ત્રી શિષ્યના દાખલા અપવાદરૂપ હોય છે. સ્ત્રીઓ બીજા ક્ષેત્રે તકને અભાવે તેમની શક્તિ વિકસાવી શકી નથી તેમ આધ્યાત્મિક ક્ષેત્રે પણ બન્યું છે. આ યુગમાં શ્રી અરવિંદ અને શ્રી માતાજી-નો ઈતિહાસ પ્રેરક છે. ગુજરાતની ભૂમિની વાત કરીએ તો



પૂજ્ય યોગેશ્વરજી અને મા સર્વેશ્વરીજી બંને ગુજરાતની ભૂમિનાં સંતાનો છે. મા ભગવતીની આધ્યાત્મિક ક્ષેત્રની જે તાલાવેલી છે તે જોતાં આવતી કાલે એ પોતે ગુરુની જેમ પોતાની આગવી પ્રતિભાથી લોકહૃદયમાં ગુરુનું સ્થાન લે તેવી એમની પ્રેરક કથા પ્રતીતિ કરાવે છે.

'અધ્યાત્મ' માસિકના વાચકોને પૂજ્ય યોગેશ્વરજી વિષે કંઈ કહેવાનું ન હોય એટલે તેમના વિષે મૌન રહેવાનું યોગ્ય માન્યું છે. આ પ્રવૃત્તિ સ્થૂલ આચારમાં ધર્મ સમાઈ ગયો તેવી પરંપરા-ગત કે સાંપ્રદાયિક પોષક નથી. સર્વાંગી જીવન ઘડતરની શિક્ષણ-ની પ્રવૃત્તિ છે. એ ગુજરાતમાં વિકસે તેવી આશા સેવું છું. પરમ પૂજ્ય યોગેશ્વરજી અને પરમ ભગવતી મા સર્વેશ્વરીજીને વંદન સાથે વીરમું છું.

ઈચ્છાઓની સંપૂર્ણ નિવૃત્તિથી જ શાન્તિ મળે છે. અશાન્ત માણસ કદી સુખ પામી શકતો નથી.

—ગીતા

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**
**મોબાઈલ : ૯૮૨૪૨૧૫૨૬૭**
**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**
**"સત્યવાન" તથા "ચંદન"**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**
—: બનાવનાર :—
**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**
૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, રાજકોટ—૩૬૦૦૦૨

પૂ. યોગેશ્વરજી પ્રેરિત—પ્રકાશના પંથે ગ્રંથનું પ્રકાશન પર્વ

# પૂર્ણાહુતિ દિન

ડો. બી. જે. જાગાણી

**આજે પ્રકાશન પર્વનો સાતમો દિવસ છે.**

**તા. ૩૦—૧૨—૨૦૦૫**

તા. ૩૦ મી ડિસેમ્બર ૨૦૦૫ નું નવલું પ્રભાત ઊગ્યું ને સૌ સાધક ભક્તોને પૂ. માનાં દર્શન થયાં. પ્રણામ વંદનામાં પૂ. મા પધારે છે. હળવી કસરતો સહિત સમૂહમાં પ્રણામ વંદના થાય છે. પૂ. માની સંનિધિ મળતાં જ ભક્તોના પ્રાણ ખીલી ઊઠે છે. જોમ—જુસ્સાથી કેસેટ પર પ્રણામ વંદના પૂર્ણ થાય છે. રાજીવભાઈ જાની પ્રવચન કરે છે. (આ પ્રવચન અગાઉ છપાઈ ચૂક્યું છે.) સવારે સૌએ નાસ્તો કર્યો. દરરોજની જેમ આજે પણ સેવાયજ્ઞ તો ખરો જ. ૨૨૦ બાળકોને નોટબુક, કંપાસ, દફતર, સ્વેટર, ટોપી, ગ્લાસ, ચંપલ, બિસ્કીટ, ફળો ને પ્રસાદ દાનમાં અપાય છે. બાળકોને સ્વેટર ને ટોપી સ્વર્ગારોહણતીર્થમાં જ પહેરાવી દેવાય છે. બધા બાળકો દ્વાર પરથી વિદાય થાય છે ત્યારનું દૃશ્ય અનેરું લાગે છે, કારણ કે સૌ નવા વસ્ત્રોને કારણે નવાં નવાં બદલાયેલાં લાગે છે જાણે સ્વર્ગારોહણતીર્થની શાળા છૂટી!

**ગુરુલીલામૃતના ૧૧ મા અધ્યાયનું સમૂહગાન સૌ ભક્તો કરે છે. પૂ. મા સ્લેટમાં લખે છે. 'આજે જ્ઞાનસત્રના જેમ પહેલે દિવસે 'પ્રકાશના પંથે'માં ૧૦૦ નું વળતર હતું તેમ તે રીતે સુરતના શ્રી દિવ્યેશના પિતાશ્રી શશીકાંતભાઈ લેખડિયા**



**તરફથી, જે કોઈ ગ્રંથ ખરીદશે તેને, રૂા. ૧૦૦ નું કન્સેશન મળશે. અમને એક પ્રસંગ યાદ આવે છે. પ્રકાશના પંથે ગ્રંથ પ્રથમ વખત બહાર પડ્યો ત્યારે તે ફક્ત રૂા. ૩૫/—માં પૂ. શ્રી આપતા. કહેતા કે રોયલ્ટી જનતાને અર્પણ કરું છું. ભક્તો પણ હજુ ગ્રંથની કિંમત ઓછી કરી શકે. અલગ ફંડ રાખતા. અમે ૧૦૧ ગ્રંથની કિંમત ઘટાડવા રકમ આપેલી. એ રીતે ભક્તો સત્કર્મો કરતા તે વાત શ્રી શશીકાંતભાઈને ખબર હશે એટલે પહેલ કરી. રૂા. ૧૦૦/—નો લાભ શશીકાંતભાઈને કારણે ખરીદનારાઓને મળશે. આપણે પૂ. શ્રીના પાંચ મંત્રથી એમના યજ્ઞકાર્યને વધાવી લઈશું.'**

**હવે રૂા. ૬૫૦ ની મૂળ કિમ્મતના આ ગ્રંથના બે ભાગ જે રૂા. ૩૫૦ માં મળતા, તે શ્રી શશીકાન્તભાઈની વેચાણમાં સહાય મળવાથી રૂા. ૨૫૦ માં મળશે.**

રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શ્રી સુશીલાબેન પૂ. શ્રી રચિત પદો ગાય છે. સૂરીલા કંઠે ગવાતાં પદોથી વાતાવરણ ભક્તિમય બની જાય છે. હવે શ્રી તેજસ પટેલ પ્રવચન કરે છે. તેઓ એમ.બી.એ. થયેલા છે એટલે ધ્યેયો, લક્ષ્યાંકો ને વ્યવસ્થાપનની દૃષ્ટિએ પ્રકાશના પંથે ગ્રંથને આ મુજબ મૂલવે છે.

● ભગવાને આખી સૃષ્ટિ રચી. માનવોની પસંદગી કરી. તેને બુદ્ધિ ને શક્તિ આપી. જવાબદારી પણ આપી. આ જવાબદારી શ્રેષ્ઠ રીતે નીભાવીએ ને ઝઘડા ના કરીએ. માનવજીવન મૂલ્યવાન છે. જીવનનું ઘડતર કરવાનું છે. કેટલાક જીવો જીવનના શ્રેષ્ઠ લીડર બને છે. સ્વામી વિવેકાનંદ વગેરેએ ધ્યેય નક્કી કર્યું. પૂ. શ્રીએ પણ ધ્યેય નક્કી કર્યું ને મહાત્મા બન્યા. પ્રકાશનો પંથ કઠિન છે, પણ અસાધ્ય નથી. આ ગ્રંથ એટલો

મહાન છે કે આ ગ્રંથને એવોર્ડ અપાયા પછી બેસ્ટ એવોર્ડ આપવાનું બંધ થાય. આ ગ્રંથમાં વ્યવસ્થાપનના ઘણા મુદ્દાઓ આવે છે. જેમ કે ધ્યેય નક્કી કરવું, સતત કાર્ય કરતા રહેવું, નાનામાં નાની વાતમાંથી બોધ મેળવવો, ઈચ્છા મુજબનું કામ ન થાય તો નિરાશ ન થવું. હાર ને જીતમાં ફેરવવી, ઈશ્વર પર શ્રદ્ધા રાખવી, પ્રાર્થનાથી રસ્તો કાઢવો, મન મક્કમ રાખવું, મહાન માણસોના જીવન ચરિત્રો વાંચવાં. હૃદય પવિત્ર રાખવું, બધા પ્રત્યે પ્રેમ રાખવો, આપણી વિશેષતાનું અભિમાન ન રાખવું, સ્વાવલંબી થવું, સારી વિદ્યા પ્રાપ્ત કરવી, કસરત કરવી, પ્રાણાયામ કરવા, શાંતિથી બધાને સાંભળવું પછી નિર્ણય કરવો, કુદરત પાસેથી બોધપાઠ લેવો. આ બધું પૂ. શ્રીના ગ્રંથમાં ને જીવનમાં હૃદયના ધબકારાની પેઠે ધબકે છે. વ્યવસ્થાપનના શાસ્ત્રમાં પણ આ બધું ઉપયોગી છે.

હવે શ્રી સુશીલાબેન પૂ. શ્રી રચિત 'યાદ તમારા વિના કરું શું' પદ ગાય છે. પછી શ્રી અજય કલોલા પ્રવચન આપે છે. પૂ. શ્રીએ પ્રકાશના પંથે ગ્રંથ રચ્યો છે તે સર્વકાલીન સાહિત્યસમો છે. તેમાં ચિરંતન સંદેશાઓ છે. આ ગ્રંથમાં દેશ, ભાષા, કાળથી અતીત એવા સંદેશાઓ છે. જે આ ગ્રંથને સર્વકાલીન સાહિત્ય બનાવવા પૂરતા છે.

● માનવ જીવન અત્યંત મૂલ્યવાન છે. તે જેમ તેમ જીવી કાઢવાનું નથી. તેમાં ભારે શક્તિ ને શક્યતાઓ રહેલી છે. તેનો સદુપયોગ કરીને એક કુશળ કારીગરની જેમ આપણે પોતાનું ઘડતર કરવાનું છે.

● પ્રથભ્રાંત કે હતાશ થયેલા સાધકોને આ ગ્રંથમાંથી માર્ગ-દર્શન ને નવજીવનની સુખદ સામગ્રી સાંપડશે. સંસારના આધ્યાત્મિક વારસામાં એ રીતે થોડો ઘણો પણ વધારો થશે.



● ધર્મ અને ઈશ્વરની શ્રદ્ધાને જીવતી રાખવામાં અને આત્મિક પંથના પુણ્ય પ્રવાસીઓને પ્રોત્સાહિત કરવામાં તે ખૂબ જ મદદરૂપ થશે.

● સ્વાનુભવો વિનાના માણસો ભલેને ગમે તેટલા શિક્ષિત હોય તોપણ તેમના અભિપ્રાયોનું વજન કેટલું? તેમના કરતાં ભલે ઓછું ભણેલા છતાં લાંબા વખતના અનુભવ પછી જેમણે તે વિષયો પર અભિપ્રાયો આપ્યા છે, તે વધારે સાંભળવા જેવા, ને સાચા છે.

● સાધના કરવાથી તન ને મનનાં પરમાણુઓ પલટાઈ જાય છે.

● ઈશ્વરની કૃપા માટે પંડિતાઈની જરૂર નથી. જેની જરૂર છે તે તો સરળ ને સાફ હૃદયની. તેની હાજરીથી નિરક્ષર પણ અવનવા અનુભવથી સંપન્ન ને સાક્ષર થઈ જાય છે. ને તેની ગેરહાજરીથી ભલભલા પંડિતો આધ્યાત્મિક અનુભવના ક્ષેત્રે કોરાધાકોર રહી જાય છે.

● જે પરમાત્માને પોતાના પ્રિયતમ, સખા ને સુહૃદ્ માને છે તેનું સૌભાગ્ય સનાતન છે. કાળથી પણ લૂંટી શકાય તેમ નથી.

● સ્વચ્છ થવા માટે શ્રીમંત દશાની રાહ જોવાની જરૂર નથી. સ્વચ્છતા સૌ કોઈ રાખી શકે છે.

● બાળપણમાં પડેલા સંસ્કારો સમય જતાં અને સાનુકૂળ સંજોગો મળતા વજ્રલેપ જેવા બની રહે છે, ને લગભગ જીવનપર્યંત ટકે છે.

● જે સ્થિતપ્રજ્ઞ હોય છે તે રાગદ્વેષ અને કામક્રોધથી પર હોય છે.

● સદ્ગુણી જીવન, સાત્ત્વિક સ્વભાવ, સારા વિચાર ને સારાં કર્મ જીવનને ઉન્નતપદે પહોંચાડે છે.

● પ્રકૃતિનાં નદી, ઝરણાં, સાગર, આકાશ તથા વૃક્ષો, પુષ્પો ને સંધ્યા તથા ઉષાના રંગો ડહાપણ ને જીવન પરિવર્તનના કેટલાયે અવનવા પાઠ સતત શીખવતાં રહે છે. પરંતુ દૃષ્ટિવાળા સાધકો જ તેઓમાંથી બોધ ગ્રહણ કરે છે.

● ઈશ્વર સંસારની માતા છે ને હું તેનો બાળક છું તે બધે જ હાજર છે છતાં તે અંગેની જાગૃતિના અભાવે તથા પવિત્રતા ને પ્રેમની કમીને લીધે માનવ તેના લાભથી વંચિત રહી જાય છે.

● જીવનને મહાન બનાવવા માટે અધિક ધનની, રૂપની, બળની યશની કે વિદ્વત્તાની જરૂર નથી. મહાન બનવા માટે મુખ્ય વાત તો એ છે કે માણસે સદ્ગુણી ને સદાચારી થવું જોઈએ, દૈવી સંપત્તિના ગુણોથી સંપન્ન થવું જોઈએ.

પ્રકાશના પંથે ગ્રંથરૂપી વૃક્ષ પર બેસેલાં પરમાનંદપ્રાપ્તિના આવાં ફળો ચિરંતન સાહિત્યનો આસ્વાદ કરાવવા માટે પૂરતાં છે. આ તો આછેરી ઝલક છે. વધુ આસ્વાદ માટે ગ્રંથનું વાચન, ને ચિંતન કરવું પડે.

આ ગ્રંથ જેના જીવનમાં નવા સ્વરૂપે ધબકી રહ્યો છે તેવાં મા સર્વેશ્વરીના ચરણકમળમાં સમાઈને પ્રભુપ્રાપ્તિ કરવાની પ્રાર્થના કરીને વક્તાએ પોતાના હૃદયના ભાવો વહાવ્યા.

હવે બપોરનું ભોજન તૈયાર છે પણ પૂ. મા સુશીલામાસીને વધુ એક ભજન સૌ સાધકોને સંભળાવવાની આજ્ઞા કરે છે. ‘કૃપા જે માગે તેને મળે’ એ પદ સાંભળીને સૌ બપોરનું ભોજન લે છે.

બપોર પછીની બેઠકમાં ગુરુલીલામૃતના એક અધ્યાયનું



સમૂહગાન થાય છે. આજનો દિવસ સુશીલાબેનના સૂરીલા કંઠે પૂ. શ્રી રચિત પદો સાંભળવા માટે જ હોય તેમ સૌને જણાય છે. ‘સગપણ શ્રી વરનું સાચું રે’ એ પદ સૌ સાંભળે છે ને તાલ પૂરાવે છે. તો પૂ. મા પણ એ પદની મસ્તી માણે છે.

શ્રી જ્યોત્સનાબેન ત્રિવેદી પૂ. માના પ્રાગટ્ય પર પ્રવચન આપે છે. પ્રવચનનો સારભાગ આ મુજબ છે.

● પૂ. શ્રીએ ૧૯૪૧ થી ૧૯૬૦ સુધી હાડ ગાળી નાંખે તેવી તપશ્ચર્યા કરી. જે પરમ શક્તિની ઉપાસના કરતા હતા તે તત્ત્વ સગુણ સાકાર સ્વરૂપે સતત સાથે રહે તેવું ઈચ્છતા હતા. ૧૯૬૦ થી ૧૯૮૪ ના સમયગાળાનો ઈતિહાસ પૂ. માના પ્રાગટ્યનો ઈતિહાસ છે. આ વર્ષોમાં પૂ. માએ પોતાની પાત્રતા કેળવવા કોઈ ઓછું તપ નથી કર્યું. ૧૯૭૨–૭૩ માં પૂ. માનો પ્રભુ સાથે પરિચય થયો. દક્ષિણ ભારતની યાત્રામાં ૧૯ જાન્યુઆરિ, ૧૯૭૮ માં શ્રી શૈલમ્ તીર્થશ્રેત્રમાં દિવ્યદિક્ષા પૂ. શ્રીએ પૂ. માને આપી. એ પળ શકવર્તી ને સીમાચિહ્નરૂપ બની રહી. પ્રભુથી છૂટા પડેલા એક લોકોત્તર સંસ્કારસંપન્ન મહાન આત્માને સાચા સંતના સાન્નિધ્યની પ્રાપ્તિ થઈ.

● પૂ. માને પૂ. શ્રીની સાથે રહેવાનો સંયોગ તો છેક ૧૯૭૮ માં સાંપડ્યો. આ સમયમાં પૂ. શ્રીની શારીરિક બીમારી વખતે સેવાની તક મળી ને પૂ. શ્રીને પૂ. માની દિવ્યતા–સેવા–ત્યાગ–સમર્પણ વગેરેનો પ્રત્યક્ષ અનુભવ થયો.

તા. ૯–૧૧–૧૯૭૮ મહાભિનિષ્ક્રમણનો દિવસ પૂ. મા માટે ગણાય. આપણને આજે લાગે કે એમને બોલાવવા માટે પૂ. શ્રીએ કેટલો મોટો જીવન–મરણનો જંગ ખેલ્યો!

● પૂ. માનું જીવન પૂ. શ્રીમા પોતાના સમગ્ર અસ્તિત્વને

ઓગાળી નાખનારું ને તલસાટ ભર્યું છે. પ. શ્રી પૂ. માનું સર્જન કરીને સંજીવનીરૂપે આપણને ધરી ગયા છે. પૂ. માને સમજવા માટે 'નેતિ નેતિ' જ કહેવું પડે. યુગોના અંતરે કોઇક જ વાર આવું અવતરણ થતું હોય છે. પરમશક્તિ પોતાની લીલા કરવા આવું શ્રી વિગ્રહ ધારણ કરે છે.

● મોરબીની પ્રથમ શિબિરમાં પૂ. માનું નામકરણ પૂ. શ્રીએ જ કર્યું છે. સર્વેશ્વરી નામ પૂ. શ્રીને જગદંબાએ જ આપ્યું ને કહ્યું કે યોગેશ્વર પરિવારમાં મા જોડાયાં નથી, પણ સાધકોનો સમગ્ર પરિવાર એમનો જ છે અને આપણે એની સાથે જોડાયા છીએ. ૨૨ વર્ષ પહેલાં પૂ. શ્રી વિદાય થયા પછી પણ આ વિધાન કેટલું સાચું છે તે આપણે પૂ. માના ખુલ્લી કિતાબ જેવા જીવન પરથી જોઇ શકીએ છીએ.

● પૂ. શ્રીનાં માતાજી જ્યોતિર્મયીની માંદગી વખતે પૂ. શ્રી સેવા કરતા તે વખતની ડાયરી અદ્ભુત છે. પૂ. મા વિશે પૂ. શ્રીએ કરેલાં વિધાનો વાંચીને કાચાપોચા સાધકને અભિમાન થઇ જાય. પૂ. મામાં હુંપણું જોવા મળે જ નહીં. પૂ. માએ પૂ. શ્રીમાં પોતાની જાતને ઓગાળી દીધી. પૂ. મા પૂ. શ્રીનાં શિષ્યા નહીં પણ અરસપરસના ઉપાસ્ય છે.

● પૂ. શ્રી નોંધે છે કે "મારા અત્યાર સુધીના જીવનમાં મેં કેટલીય સ્ત્રીઓને નજીકથી નિહાળી છે. પરંતુ એ સૌમાં મા સર્વેશ્વરી સર્વશ્રેષ્ઠ છે. પ્રેમ, પવિત્રતા, પ્રભુ—પરાયણતા, તપ, તિતિક્ષા, ભાવ તથા ભાવના અને સમજની દૃષ્ટિએ મેં જોયેલાં સઘળાં સ્ત્રીપુરુષોમાં એ ચઢી જાય છે. એમના વિરાટ વ્યક્તિત્વની આગળ બીજાં બધા વામણાં લાગે છે. એમની સુયોગ્યતાના સિંધુ આગળ બિંદુ. એ સ્ત્રી નથી, નારાયણી, ભગવતી, ત્રિપુરાસુંદરી, સાક્ષાત્ જગદંબા છે. જેમની ઉપર એમની અલ્પ પણ કૃપા હશે એ જ એમને અલ્પ અંશે ઓળખી શકશે. એમના મહિમાને પૂરેપૂરો કેવી રીતે ગાઇ શકાય? વર્ણવી શકાય? મેં એને થોડો ઘણો પણ જાણ્યો ને માણ્યો છે એટલું મારે માટે પૂરતું છે. એવી મહાદેવીનું દર્શન—પ્રાગટ્ય યુગો પછી કોઇક વાર જ થઇ શકે છે. મારાં લોચન એમના દર્શનથી કૃતાર્થ છે. મારા શ્રવણ એમના સુધાસભર શબ્દ-સંગીતના શ્રવણથી સફળ છે. જીવન એમના મધુમય મિલનથી કૃતકૃત્ય છે."



પૂ. માના પ્રાગટ્યની આછેરી ઝલક આપતાં પ્રવચન પૂર્ણ થાય છે. હવે ડો. અરુણિકાબેન દરુ પૂ. માનાં વાત્સલ્ય, પ્રેમ ને કરુણા જેવા સદ્ગુણોને વર્ણવીને ટૂંકું પ્રવચન કરે છે. પ્રકાશન પર્વનું સમાપન પ્રા. તરલાબેન દેસાઇના પ્રવચનથી જ થાય છે. પ્રવચનનો સારભાગ આ રહ્યો.

● પૂ. માએ પદ રચ્યું છે. 'હરિની ફરતે સર્વેશ્વરી, સર્વેશ્વરીની ફરતે શ્રી હરિ.' આ પદ સાંભળ્યા પછી દ્વૈતભાવ ખરી જતો લાગે છે. અદ્વૈતભાવ પ્રગટે છે. અહીં પૂ. શ્રી અને પૂ. માની દિવ્યશક્તિનું મિલન છે. સ્વર્ગારોહણતીર્થના વાયુ-મંડળમાં એ દિવ્યતા હાજરાહજુર છે. પૂ. માએ વહેવારું રૂપ ધારણ કરીને માનવજાતિને તૈયાર કરવાનું કામ કર્યું છે. પ્રેમ ને કરુણાની ગંગા વહાવી છે. દ્વૈતદ્વારા સૂક્ષ્મ પ્રગટ છે. ચેતના એક જ છે. લીલા માટે દ્વૈત લાગે છે, પણ અભિન્ન છે. પૂ. શ્રીને સદાય અંતરમાં રાખી લીલા કરે છે. અહીં શિવનો જીવ સાથે નહીં પણ શક્તિનો શિવ સાથે સંબંધ છે.

● જગતને અધ્યાત્મની ઝાંખી કરાવવા પ્રવચનો, પ્રવાસો,

શિબિરો, લેખન, યાત્રાઓ કરી અને સૌને અજવાળતાં રહ્યાં છે. વિદેશ પ્રવાસદ્વારા આત્મજાગૃતિની જ્યોત્ પ્રસરાવી છે. પૂ. શ્રીની સાથે પૂ. માએ યાત્રાઓ કરી ને પૂ. શ્રીના જીવનની સૂક્ષ્મનોંધ રાખતાં તે 'યોગેશ્વર કથામૃત' સ્વરૂપે સૌને મળે છે. પૂ. મા આખી સૃષ્ટિને ઋણભાવે વંદના કરે છે. એ રીતે પ્રભુએ સર્જેલી સૃષ્ટિનો આદર કરે છે. પૂ. મા અબાલ—વૃદ્ધ સાથે સંબંધ રાખે છે. બંધનમાંથી મુક્ત કરે છે. ભક્તના હૃદયમાં સહેજ તીરાડ જોઇ તો સાપની જેમ પૂ. મા પ્રવેશ કરીને દિવ્યતા આપે છે. ચોકલેટનો પ્રસાદ, નોટબુકની ભેટ, વસ્ત્રદાન, શિષ્યવૃત્તિનું દાન, દૂર દૂર રહેલા ભક્તોને ફોનદ્વારા સત્સંગ, પ્રેરણા ને પ્રોત્સાહન જેવી લોકસરવાણીથી દુન્યવી ભાવોમાંથી ઊઠાવીને પ્રભુપંથે વાળે છે.

● સાધકોને માતા—પિતાને વંદવાની શિક્ષા આપી. પૂ. માના સૂક્ષ્મ પ્રેમનો પ્રભાવ જબ્બર છે. જેને જેમાં શ્રદ્ધા છે તેને તેમાં આગળ જવા મદદ કરે છે. નામકરણ સાથે લેવા દેવા નથી. મા, રમણ મહર્ષિ, રામકૃષ્ણદેવ સૌ વિભૂતિઓ એક જ છે. પ્રત્યેક ભક્તોના હૃદયને લાગે છે કે પૂ. મા તો મારાં જ છે. પૂ. મા સમગ્ર જીવ સૃષ્ટિ સાથે સખ્ય ધરાવે છે. પોતાનું કહેવાય એવું કશું જ નથી. આખા જગત સાથે પ્રેમ સંબંધ બાંધ્યો છે. પૂ. માની ઉપસ્થિતિમાં બધી ચિંતા ઓગળી જાય છે.—જાણે આંખ સામે બરફ ઓગળે તેમ!

● પૂ. માનો ઉપદેશ સૂર્યકિરણ જેટલો સાર્વત્રિક છે, ને પૂ. મા સમુદ્ર જેટલાં શાંત છે. પૂ. મા એકાંત મૌનમાંથી બહાર આવે ત્યારે પીડા થાય છે અને પ્રાર્થે છે. પ્રભુ! દર્શન આપો, તમારામાં સમાવી લો. એવાં પૂ. માને ઓળખવા મા જ બનવું પડે.



પ્રવચન અને પર્વની સમાપ્તિ થાય છે. સુશીલાબેન દેશ-ભક્તિનું પદ 'જય જય ભારત જનમન અભિમત' ગાય છે. ડો. મનોજભાઇ દરુ આખા દિવસમાં અપાયેલ પ્રવચનોની સમીક્ષા કરે છે. શ્રી રાજુભાઇ જાની આભાર દર્શન કરે છે. પ્રકાશનપર્વની ઉજવણી સરસ રીતે પૂર્ણ થઇ તે માટે પૂ. શ્રીનો પ્રણામવંદનાથી આભાર માનવા પૂ. મા અને સૌ સાધકો ૧૧ પ્રણામ કરે છે. અને 'ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ કાર્ય અમારું સફળ કર્યું.' એ પદ સૌ સમૂહમાં ગાય છે.

હવે સૌ સાંજનું ભોજન લે છે. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ થાય છે. કૃપા કલોલા—'રામદાસની વિચિત્ર શ્રદ્ધા'નો અભિનય, રક્ષિતાનો પૂ. મા બનીને, મૌન રહીને સાધકોને પ્રેરણા આપવાનો અભિનય, પ્રાર્થના એ જ સાધના છે તે સાબિત કરતો મરેલ વાંદરાને દૂર કરતો અભિનય, પ્રા. પ્રચેતાબેન લક્ષ્મીબાઇનો આબેહૂબ અભિનય કરીને પૂ. મા તથા પ્રેક્ષકોને સૌને અભિભૂત કરે છે. રાજસ્થાની ગામઠી બોલીમાં રંજનબેન દેસાઇએ અભિનય કર્યો. આખો દિવસ અધ્યાત્મ, સાધના, પૂ. માનું પ્રાગટ્ય, પદોનું શ્રવણ ને સાંસ્કૃતિક કાર્યક્રમોના દર્શન, શ્રવણથી સભર રહ્યો. રાત્રે ૧૨—૦૦ વાગ્યે પ્રકાશનપર્વની પૂર્ણાહુતિ થઇ. સૌએ ધન્યતા અનુભવી. પૂ. માની સતત સંનિધિ મળી.

એક અદ્‌ભુત આધ્યાત્મિક અનુભૂતિઓથી સભર જીવંત કથાનો કદી જોયો કે સાંભળ્યો ના હોય તેવા મહિમાનું ગાન પૂ. માની ઉપસ્થિતિમાં સતત સાત દિવસ થતું રહ્યું—જે એક વિરલ ઘટના ગણાય. આ બીજું કંઇ નહિ, પરંતુ પૂ. મા શ્રી સર્વેશ્વરી-ના હૃદયમાં પૂ. શ્રી યોગેશ્વરજી પ્રત્યેનો કેવો અહોભાવ સાગર

ઉછળે છે, તેનું થોડુંક જ દર્શન સાધકોને આ આયોજનમાં જોવા મળ્યું. પૂ. મા જેવાં કોઇ લોકોત્તર વ્યક્તિ જ પોતાના વ્યક્તિ-ગત અહંને વચ્ચે લાવ્યા વિના પોતાના ગુરુ પ્રત્યેનું ઋણ આ રીતે અદા કરી શકે. હે મા, આપના એ ગુરુઋણભાવનો જય હો. આપની સાધકો પ્રત્યેની કરૂણસભર નિર્વ્યાજ પ્રેમ સરિતા વહેતી રહો એ જ પ્રાર્થના.

હે મા, આ મહાગ્રંથનાં અહીં શ્રવણ કરેલ આધ્યાત્મિક મૂલ્યોનું આચરણ અમારા જીવનમાં પણ થતું રહે, તેનું સામર્થ્ય ધરતાં રહેજો—એ જ પ્રાર્થના.

રૂચિ અને પ્રકૃતિને ઓળખીને ચાલો. મને શું ગમે છે? મારી પ્રકૃતિને શું અનુકૂળ છે, તે જાણીને સાત્ત્વિક માર્ગે પ્રભુ પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરતા રહો. સાચા જીજ્ઞાસુને પ્રભુ—કોઇ ને કોઇ પ્રકારે માર્ગ ચીંધે છે જ.

**– યોગેશ્વરજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# સમંદરને પેલે પાર

**મા સર્વેશ્વરી**

**પૂ. મા શ્રી સર્વેશ્વરીની ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા યાત્રા—ક્વીન્સ ટાઉનથી રોટોરવા, દિવસ—૬, તા. ૧૩—૫—૦૫**

આ રોટોરવાનું નામ સલ્ફર સીટી હોવું જોઇએ. જ્યાં ત્યાં સતત સલ્ફરની ગંધ. ગઇ સાંજે ગરમ પાણીના ઝરા એક બાગમાં જોયા, પણ સલ્ફરની ગંધ આંખ ને ગળામાં જાણે ઘર કરી ગઇ.

એટલે સાંજે ૭ થી સવારે ૮ સુધી જાણે સતત વિશ્રામ.

સવારે સ્નાન, શીર્ષાસન, ૧૧ પ્રણામ, ૧૧ વાર પ્રાર્થના બાદ નવ વાગે પેલી સ્પેશીયલ બસમાં સૌ બેસી ગયા. દરેકે સીટ ઉપર ફરજિયાત પટ્ટો બાંધવાનો. ના બાંધે ને પોલિસ ચેક કરે તો ૪૦૦ ડોલર દંડ.

દંડ જાણે એક કડક શિસ્તનો છડીદાર. ભયથી પણ નિયમ પાળે જ. સૌ પટ્ટા બાંધે છે. મા પણ ક્યાં અપવાદ છે?

આજે ૧૫ મિનિટમાં ફાર્મમાં પહોંચી ગયાં.

Agrodome farm Show જોવાનો હતો. નાનકડો હોલ. ૨૦૦, ૨૫૦ પ્રવાસીઓ બેસી શકે તેટલી ખુરશીઓ. ચીન, જાપાન, હોંગકોંગ, સીંગાપોર, અમેરિકા, કેનેડા, ભારત વિવિધ દેશોની પ્રજા અહીં હતી. (પ્રોગ્રામ શરૂ થતાં પહેલાં મંચપરના આયોજકોએ જાહેરમાં પૂછ્યું કયા દેશથી કોણ કોણ આવ્યું છે. ચીનથી કોણ? ભારતથી કોણ? કેનેડાથી કોણ? સૌ આંગળી ઊંચી કરે છે. એટલે ખબર પડી કે વિવિધ દેશના સૌ છે.) લગભગ ૧૨, ૧૩ જાતના ઘેંટાઓને વારાફરતી મંચ

ઉપર લાવવામાં આવ્યાં. તરત જ દરેકના સ્થાન ઉપર દાણ આપવામાં આવ્યાં.

એટલે ઘેટાં ત્યાં દાણ ખાવા માંડ્યાં. કેટલાક ખાઈને ત્યાં જ બેઠાં ને ઊંઘી ગયાં. કેટલાક ખાઈને જાગતા રહ્યાં.

અરે! એ પ્રવૃત્તિ જોતાં થયું જીવ માત્રને પણ પ્રભુ માનવ શરીર આપે એટલે વિષયનો ચારો હાજર જ હોય. રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ ને એ ચારો ચરતાં ચરતાં માનવ ઊંઘી જાય. કેટલાક જાગતા રહે ને જગતને જોયા કરે. કેટલાક વળી ના ચરે. માત્ર દૃષ્ટાભાવે જગતને જોતાં જોતાં તરી જાય. ભજન કરી ભવપાર કરે.

ઘેટાંના શરીર ઉપર એક એક હથેળી જેટલું ઊન હતું. જાણે જાડા જાડા કોટ પહેરેલા હોય તેવા ઊનથી તેમનાં શરીર ઢંકાયેલાં હતાં. જાણે ઊન એમનું રક્ષા કવચ હતું. વિવિધ ઘેટાં ને તેમનું વિવિધ ઊન. ઊન કેવી રીતે ઉતારે તે પણ જોવા મળ્યું. ને ઘેટાંઓના રક્ષક કૂતરાઓ પણ કેવી રીતે સાચવે તે જોવા મળ્યું. ઘેટાંઓની ઉપર કૂતરા બેસીને ચોકી કરે.

એ શો એકંદરે ઠીક હતો. ગાય દોહતા પણ બતાવ્યું. પ્રેક્ષકોમાંથી એક છેક નાની છોકરી હિંમતવાળી હતી. મંચ ઉપર આવીને ગાયના એક આંચળમાંથી દૂધ કાઢે છે. નાની ઉંમરે હિંમત સારી હતી.

આ હોલમાં ગેસનો એક થાંભલો હતો. ઉપર જ્યોત્ નીકળતી હતી. તેનો તાપ નીચે આવતો હતો. ગેસની સળગતી જ્વાળાનું એ આધુનિક, સુરક્ષિત, તાપણું હતું. એવા તાપણા સ્ટોરની બહાર પણ જોવા મળે છે. ઠંડી ઉડાડવાના સાધન તરીકે તે જરૂરી હતું.



આ ફાર્મનો શો પૂરો થયો. ત્યાં દુકાનો હોય જ. દરેક જોવાના સ્થળે દુકાન હોય જ. દુકાનમાં બધું જ ઊનનું. સ્વેટર, શાલ, મફલર, ટોપી, મોજા. દુકાનમાં પણ એક આંટો તો માર્યો. ટોપી લીધી.

આ ફાર્મ પછી ૧૧–૦૦ Rainbow Springs નામના બાગમાં જવાનું હતું.

અહીં વહેતા ઝરણામાં નાની મોટી માછલીઓની ને વિવિધ પક્ષીઓ જોવા મળે છે. અહીં પણ દુકાનમાં એક આંટો માર્યો.

સૌ પાછા બેસી ગયાં. ૧૨–૦૦ વાગે બીજું એક બૂકિંગ હતું. માઉરી પ્રજાનું સ્થાન.

Whakarewarewa Thermal Reserve વ્હાકારેવારેવા થર્મલ રીઝર્વ.

અહીં ગરમ પાણીના ઝરા હતા. જમીનમાંથી નીકળતો લાવારસ બહાર આવતાં જ ઠરી જતો. જેના ઢગલા ઉપર પણ બેસો તો પણ ખૂબ ગરમી લાગે.

વળી માઉરી પ્રજા અહીંની મૂળ પ્રજા. તેના ઘર ને તેની કળા ને તેનાં નૃત્યોનો શો પણ જોવા મળે છે.

અહીં ગાઈડને પૂછ્યું આ લાવારસ તમને કદી નુકશાન નથી કરતો? કોઈ વાર કોઈ અકસ્માત્‌માં દાઝી જવું કોઈનું મૃત્યુ નથી થતું?

તે માઉરી પ્રજાના જ ગાઈડે કહ્યું, ‘અમે તેનું સન્માન કરીએ છીએ માટે તે પણ અમને રક્ષણ આપે છે.’

‘પ્રકૃતિને અમે સંભાળીએ છીએ તો તે પ્રકૃતિ અમને પણ સંભાળે છે.’

કુદરતનાં ભયસ્થાનો ઉપર પણ માનવજાતનો કેવો મોટો વિશ્વાસ? બીજી રીતે વિચારીએ તો સૃષ્ટિના સર્જનહાર ને સર્જન પ્રત્યે સન્માન ને શ્રદ્ધાના દર્શન અહીં થાય છે.

અહીં જાડા લીલા પાંદડાં (લાંબું—એલોવેરા જેવું) થાય છે. તેમાંથી મજબૂત શણ જેવા પાતળા રેસાના તાર નીકળે છે. એ શણમાંથી વિવિધ વસ્તુઓ પણ બને છે. જે પાસે જ દુકાન છે. તેમાં મળે છે.

લાકડા ઉપર હાથથી કોતરકામ એ માઉરી પ્રજાની વિશેષતા છે. એમનાં ઘરો ઉપર અરે, ઓકલેન્ડ કે રોટોરવાના એરપોર્ટ ઉપર પણ એવી લાકડાની કોતરણીવાળી કમાન જોવા મળે છે.

હવે ૧ વાગે ભોજનનું બુકિંગ હતું. ઇન્ડિયન તન્દૂરી પેલેસમાં. સૌ ખીચડી, કઢી, શાકનું ભોજન લેવા વિદાય થયા. મા સાથે ત્રણ બહેનો ને એક ભાઇ જેમને ભોજન લેવું ન હતું તે અહીં મોટલ ઉપર જ રોકાયાં છે.

યાત્રા શરૂ થઇ ત્યારે સૌને યાત્રાનું ટાઇમટેબલ સમય, સ્થળ સાથે અપાયું છે.

માને અચરજ એનું થાય છે કે જે રીતે ટાઇમટેબલ છે તે જ સમય, તે જ સ્થળ ને તેજ તારીખમાં નિયમિત ક્રમ ચાલ્યા કરે છે.

હે હરિ, તારી કેવી કૃપા છે! આજે સાત દિવસ થઇ ગયા. ક્યાંયે મોડા પડ્યા નથી. પ્લેનમાંથી ઉતર્યા. બસ હાજર, ગાઇડ હાજર, લગેજ હાજર, મોટલમાં રૂમ હાજર, જોવાના સ્થળોએ ગાઇડ હાજર અને યાત્રીઓ પણ સમયસર હાજર.

આ નિયમિતતા પાછળ હે હરિ, આપ જ અમને સતત સંભાળો છો, સતત રક્ષો છો. ચારે બાજુ જાણે અનુકૂળતાનો



અર્ધ્ય. હે હરિ, આપ જ ધર્યા કરો છો. આપ અમારી સાથે છો. યાત્રા આપની છે. આ યાત્રામાં દરરોજ યાત્રાના આરંભે પ્રાર્થના થાય છે, એથી પણ આપ સાથી બની સહાયક થઇ રહ્યા છો.

અરે! ના સ્મરીએ તોપણ આપ અમને સ્મરો છો એવું અમે વરસોથી અનુભવીએ છીએ.

મા સાથે જ યાત્રીઓ જે ભોજન નથી લેવાના તેમને મા વાંચવા માટે ત્રણ પુસ્તકો આપે છે.

ભોજનની ૧૨ ભક્તોની મંડળી ૩ વાગે આવી ગઇ છે. ત્યાં સુધી વાચનનો ક્રમ સૌ પાળે છે.

આજે માને નિર્જળાવ્રત હતું. શાંતિ હતી. આ છેક નાનકડું શહેર છે. છેક પાસે જ સ્ટોર છે. વિવિધ સ્ટોરમાં ચાલતા પણ જઇ શકાય ને હોટલમાંથી યાત્રીઓ માટે મફત સાધન પણ ત્યાં જવા મળી શકે. કર્ટસી સર્વીસ. એટલે—ઉદારતાથી સેવા. જો કે રૂમના ચાર્જમાં એ સગવડ સારી ગણાય. અજાણ્યા માટે એ સગવડ સારી. ક્રાઇસ્ટ ચર્ચમાં સાયકલની સર્વીસ હતી પણ તે ભાડે મળતી હતી. ૧૦ ડોલર, ૨૦ ડોલર ચાર્જ હતો. જેને સાયકલ ઉપર ફરવા જવું હોય તે જઇ શકે.

આજે સવારે સ્નાન કરતાં કરતાં બે પંક્તિ હે હરિ, આપે મનમાં પ્રગટાવી.

૧. હું તને શોધ્યા કરું,
૨. તું મને જોયા કરે.
૩. હું તને છોડ્યા કરું,
૪. તું મને પકડ્યા કરે.
૫. હું ભૂલો કરતો રહું,

૬. તું ક્ષમા ધરતો રહે.
૭. હું સદાયે અટકતો,
૮. તું કદી ના છટકતો.
૯. હું તને ધિક્કારતો,
૧૦. તું સદા સત્કારતો.
૧૧. હું વિષય રસે દોડતો,
૧૨. તું સદાયે રોકતો.

દાસનો પણ દાસ હું, સર્વેશ્વરીનો નાથ તું.

રાત્રે આજ હોટલમાં અહીંની માઉરી પ્રજાનો એક લોક-નૃત્યનો, શૌર્યગીતોનો કાર્યક્રમ હતો.

અહીંની માઉરી પ્રજાનું શૌર્યગીત જોવા જેવું છે. એ વાત આજે જ શ્રી હિમાંશુભાઇ પાસે સાંભળી હતી. ફૂટબોલની રમતમાં પ્રારંભે પણ સૌ એવું ગીત ગાય છે.

એ વાત સાંભળી માને જરા વિશેષ રસ પડ્યો છે. કે શૌર્ય-ગીત તો ભલે ગમે તે ભાષાનું કે દેશનું હોય, પણ તેને સાંભ-ળવું કારણ કે એ ગીતને કેવી રીતે જીવનમાં વણી લેવું એ દરેક શ્રોતાના પોતાના વિષય ઉપર આધારીત છે એવું મા માને છે.

એ કાર્યક્રમ પહેલાં ભોજનનો કાર્યક્રમ હતો. જેને જે રુચે તે તે ભોજન લે. એ રીતે અહીં પણ વિવિધ પ્રજાનો મેળો હતો. એટલે મા એ કાર્યક્રમ પૂર્ણ થાય પછી જ અંદર જશે. એટલે એક કલાક બહાર બધા સોફા હતા જ તેના ઉપર બેસી થોડી માળા કરી લેવાનું બને છે.

લોકનૃત્યનો કાર્યક્રમ જોયો. એક સરખા રાગ ને એક સરખો તાલ ને એક સરખી અભિનય કલા. પહેરવેશ વળી આદિવાસી જેવા પણ નવા હતા. શૌર્યગીત શૂરાતન ચઢાવે



તેવું. દુશ્મનોને ડરાવે તેવું હતું. પોતાના બંને હાથ અને બંને પગથી જાણે યુદ્ધના એ લલકારને પડકારી રહ્યા હતા. જોર-જોરથી જાણે તબલાના તાલ હોય તેમ હૃદયપ્રદેશ ઉપર ને સાથળ પર જોરજોરથી માર મારતા હોય તેમ આંખ પહોળી કરીને, જીભ બહાર કાઢીને ભયંકર રીતે હલાવતા હતા. જાણે એ વિકરાળ રૂપ હતું. જાણે હાથ પગ જ હથિયાર હતા.

એ શૌર્યગીત જોતાં માને જે શીખ મેળવવી હતી તે મળી ગઇ.

પોતાના કોઇ પણ ક્ષેત્રે સંકટો, વિઘ્નો, પ્રશ્નો સામે આ રીતે બાથ ભીડી શકાય.

જેમ કે વેપારી હોય તો ડર્યા વગર, હિંમતથી સામેના પ્રશ્નો જાણે ક્ષણમાં ઉકેલી દઇશ એવા જોમ સાથે આગળ વધે.

એ રીતે વિદ્યાર્થી પણ પરીક્ષાના કોઇ પણ પેપરને પડકાર ફેંકી શકે.

દર્દી પોતાના દર્દને એ રીતે પડકાર ફેંકી શકે તો સાધક ભક્ત પણ પોતાની સાધનામાં—ભક્તિમાં શૂરવીર બનીને મંત્રજપ કરી શકે. મનની નબળાઇ કે અશુદ્ધિ કે દૂષણો સામે પડકાર ફેંકીને આગળ વધી શકે.

દરેક ક્ષેત્રે દરેકને પ્રશ્નો તો છે જ. નાનામોટા તો આવી શૂરવીરતાથી એ પ્રશ્નોને હલ કરી શકાય. યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે. વીર નર્મદ એ જ કહી ગયા.

વિશ્વના વિવિધ વિષયોને દરેક વ્યક્તિ પોતાની રીતે મુલવીને ઉપયોગી સારતત્ત્વ લઇ શકે છે.

અહીંની મૂળ પ્રજા માઉરીની એ વિશેષતા જોઇ લીધી. એ પ્રજા પોતાની ભાષાના ૪.૫ વાક્યો. પણ સૌ પાસે આ કાર્ય-

ક્રમમાં બોલાવતી હતી. લોકશિક્ષણનું એ સાધન છે.

કાર્યક્રમ તો આગળ ચાલ્યો પણ માએ ગીત પછી પાછા પોતાના ઓરડામાં આવી ગયાં. સરોજબેન સાથે હતાં. વળી નીરૂબેન પણ આવી ગયાં.

આવતી કાલની થોડી તૈયારી કરી. થોડી વાર નીરૂબેન સાથે વાતો થઇ. ત્યાં તો રાત્રે ૧૧ાા થઇ ગયા.

પેલી વનસ્પતિના બીજાં પાંદડાં સરોજબેન લઇ આવ્યાં. તેમાંથી શણ જેવી મજબૂત દોરી બનાવી. માની સ્લેટમાં ન્યુઝીલેન્ડના સ્મરણરૂપે મૂકવાની યોજના બની રહી છે. પણ તે રેસામાંથી દોરીને અલગ કરવી જરા કુશળતા માગી લે તેવી છે.

આટલી નોંધ કરતાં ૧૧.૨૫ થઇ ગયા. હવે થોડા જપ બાકી છે, તે પૂર્ણ કરી વિશ્રામ. આવતી કાલે સવારે ૭ વાગે તો બસમાં પ્રસ્થાન છે. રોટોરવાથી ઓકલેન્ડ. પ્રભુ સૌનું સર્વ પ્રકારે મંગલ કરો, કલ્યાણ કરો, સૌને શાંતિ આપો.

(ક્રમશઃ)

### ● નવરાત્રિમાં જપયજ્ઞ ●

દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રિમાં જપયજ્ઞ ચાલુ રહ્યો. શ્રી અજયભાઇ કલોલાની દોરવણી નીચે આ અનુષ્ઠાનરૂપ કાર્યક્રમ સારી રીતે સંપન્ન થયો. લગભગ ૩૫ જેટલા ભાઇબહેનોએ તેમાં ભાગ લીધો.

**– તંત્રી**



પગપાળા યાત્રીઓનું સ્વર્ગ બન્યું.

# "સ્વર્ગારોહણ તીર્થ"

**ભરતકુમાર એ. ત્રિવેદી**

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથેના સંવાદમાં બોલાઇ જવાયું કે યાત્રાળુઓ ભવિષ્યમાં "અંબે મા"ના દર્શને મંદિરે આવશે પરંતુ આધ્યાત્મિક અનુભૂતિ માટે તો તેમણે સ્વર્ગારોહણતીર્થ પધારવું પડશે. કુદરતના અતિવૃષ્ટિના પ્રવાહ કરતાં પણ આહ્લાદક, શ્રદ્ધાપ્રેરક પગપાળા પ્રવાસીઓના માટે મા અંબાના ધામમાં દાંતા રોડ તરફથી આવતા જતા વાહનો માટે સ્વર્ગારોહણ તીર્થ 'હરિદ્વાર' બન્યું, કારણ આ વર્ષથી જ વાહનો માટેની વ્યવસ્થા સ્વર્ગારોહણ તીર્થથી સિમિત અને પ્રારંભીત થવાનો નિયમ થયો. આ પ્રવેશદ્વારે પગપાળા પ્રવાસીઓને પોંખવા યોગેશ્વર પરિવારના સાધકો વિશ્રામ મથક, પાટાપીંડી, દવા, છાસ અને પાણીની વ્યવસ્થા ઉપરાંત એક્યુપ્રેશરના ઉપચાર માટે સજ્જ હતા. અગીયારસ, બારસ, તેરસ ચૌદસની મોડી રાત સુધી આ સેવા યજ્ઞ વિસ્તર્યો. વળી ચૌદસી રાત્રે સાંબેલા ધાર વરસાદ પડ્યો ત્યારે "સ્વર્ગારોહણ"ના વિશ્રામ સ્થળે રોકાયેલ યાત્રીઓને પૂનમે નાસ્તો પણ આપવામાં આવ્યો. આ માર્ગેથી પ્રવેશદ્વાર ભાગ્યે જ કોઇ યાત્રાળુ ઉપરોક્ત સેવાઓ પ્રાપ્ત કર્યા સિવાય આગળ જઇ શકતા હતા.

સમગ્ર ગુજરાતમાં થયેલ અતિવૃષ્ટિના કારણે ચિકનગુનીયા નામે રોગ ફેલાયો હતો. વળી વરસાદના ઝાપટાં પડી રહ્યા હતાં પરંતુ પગપાળા પ્રવાસીઓનો ઉત્સાહ અનેરો હતો. જાણે કુદરતને કહી દીધું તારે જે કરવું હોય તે કર, પણ અમારે તો

"બોલ મારી અંબે, જય મા અંબે" તાપ વરસાદ માંદગી બધું જ સહીને પણ માના દર્શને જવું છે. અમારી માને બોલાવવી જ છે. આસ્થા ને શ્રદ્ધાને કોણ રોકી શકે? આ શ્રદ્ધા અને આસ્થાની જ્યોતને ચેતનવંતી બનાવવા ખૂબ લાંબા માર્ગો પર ૧૦ લાખ ભક્તોની સેવા કરવાનું મહાપુણ્ય મેળવવા બીજા લાખો માનવો કામે લાગી ગયા હતા. અંબા માનાં દર્શન મંદિરે જ નહિ, પણ અહીં રમમાણ ૧૦ લાખ ભક્તોની આંખોમાં અને સેવાના કર્તૃત્વમાં અનેક વખત થયાં. આ ભવ્યાતિભવ્ય પ્રસંગે ભક્તિનું વિરાટ સ્વરૂપ સ્વયંભૂ પ્રગટ થયું.

સ્વર્ગારોહણ તીર્થના દ્વારે એકચિત્તે જોતા રહેવાથી મન ગદ્ગદિત થયું. 'માની કૃપાથી આપણે સૌ તો સુખમય પ્રયાસોમાં હતા જ, પણ વિશ્રામ લેતાં પ્રવાસીઓ વરસાદમાં પણ ટોળાબંધ ઉભડક પગે પણ કલાકો સુધી ભીના કપડે પણ નિદ્રાવશ થતાં યાત્રાળુઓ માટે નતમસ્તક થવાયું.' ઝણોરથી આવેલા ડો. નિર્વિકલ્પના પગે તો જાણે પવનપાવડી હતી અહીંથી ત્યાં અને વધારામાં ચિકનગુનીયાની દવા માટે જાણે સમય સાથે બાથ ભીડી રહ્યા હતા. એક્યુપ્રેશર કેમ્પમાં શ્રી મયુરીબેન અને જ્યોત્સનાની સેવાઓ સતત ચાલુ હતી. ગત વર્ષે પોઇન્ટની ટ્રીટમેન્ટ લઇ હૃદયરોગથી બચેલા યાત્રાળુ આ વર્ષે જ્યોત્સ્નાનો આભાર માનવા આવ્યા. જ્યોત્ સે જ્યોત્ જલે ના જેવો શિરમોર પ્રસંગ બન્યો, જેમાં સેવા મેળવનાર એક અધિકારી અને સાતેક યુવાનોએ સતત આઠ કલાક સામેથી ચાલીને આવી સેવા આપી. સ્વસ્થ થયેલ યાત્રાળુઓ મંદિરે જાણે કહેવા ગયા કે અમે "સ્વર્ગારોહણ" તીર્થ થઇને આવ્યા.

આરોગ્ય સેવાઓથી આગળ છાસ અને પાણીની સેવાઓ સંપૂર્ણ સ્વચ્છતા સાથે અવિરત હતી. અહિં જ છાસ મળે છે, તે

ત્રણ વર્ષથી જાણી અને માણી ગયેલા યાત્રાળુઓ લાવો છાસ કહી આવી જતા જોયા. પાણી માટે પણ તેવી જ સેવા પ્રાપ્ત હતી. એસ.ટી. બસોનો સ્ટાફ અને અધિકારીઓ તેમની સેવામાં ખૂબ વ્યસ્ત હતા કે છાસ માટે આવી ન શકે. તેમને પણ શ્રી નાથાભાઈ અને શ્રી પ્રભુભાઈ ફરજના સ્થળે જઈ છાસ પીવડાવી આવતા. વળી પ્રભુભાઈ અને જયસુખભાઈ અધ્યાત્મ માસિકના હરતાફરતા પ્રચારક બન્યા. ઘડીક અહીં તો ઘડીક બીજે એમ ફરતા ફરતા તેમણે ઘણું માહિતીપ્રદ કામ કર્યું. શ્રી રાજુભાઈ જાની, દેસાઈભાઈ અને વિનેશકુમાર તેમની વ્યવસ્થાપન વિધિમાં પૂરા વ્યસ્ત હતા. તેમના માટે રાત અને દિવસ સરખાં હતાં. તેમને મળવું હોય તો સવારે ૧ થી ૫ સુધીમાં જ મળાય. સ્વર્ગારોહણની સેવાઓથી આશ્ચર્યચકિત એસ.ટી.ના અધિકારીઓ, પોલિસના અધિકારીઓ આવતા વર્ષથી વધુ સેવા મળે તે માટે ઈજન મૂકતા ગયા. અખબારો અને ટી. વી. પર પણ ‘‘સ્વર્ગારોહણ તીર્થ’’ની સેવાઓની નોંધ લેવાઈ. ટી. વી. પર શ્રી મયુરીબેનની મુલાકાત પ્રસિદ્ધ થઈ. મા—પ્રભુની ઈચ્છાના અવનવાં રૂપો જોવા, આપણે સૌ સદ્‌ભાગી બન્યા.

આ વર્ષે છાશ પર્વે, પાણી પર્વે પ્રૌઢોને યુવાનોની હરોળમાં મૂકી દીધા. યુવાનો કાર્યકર કૌશીક પંડ્યા, કીર્તન હળવદિયા, ચંદ્રકાંત પટેલ, ઈશ્વરભાઈ છાટબાર, આગિયાની જેમ ઝબુકી ગયેલો અજય કલોલા, નીલેશભાઈ દવે, અનિલભાઈ અડવાણી સાથે નામી અનામી સહુએ ખૂબ સેવા કરી.

યુવાન દીકરીઓમાં શ્રદ્ધા, દીપુ, મીરાં, ગાયત્રી, મયૂરી અને મૈત્રેયી બધાએ મોરચા સંભાળ્યા.

તો બધા જ કાર્યક્રમોમાં હાજર રહી, નિયમિત કાર્યભાર સંભાળનાર મંજુબેન, દમયંતીબેન, ઉર્વશીબેન, નીલાબેન, જ્યોતિ-

બેન, રીટાબેન, ઇંદિરાબેન, નીલાબેન (મોરબી) રંજનબેન દેસાઇ તો સહુએ સેવાથી માડી અન્નપૂર્ણાના રોલ ભજવ્યા.

આ વર્ષે આતંકવાદ એક ઓથાર નીચે યાત્રાળુઓએ જે નિર્ભીકતા બતાવી તે પ્રશંસનીય છે. સરકારે સુરક્ષાની કરેલી વ્યવસ્થા પણ ખૂબ વખાણવાલાયક હતી.

મા જ્યોતિર્મયીનો અંક હોય, યોગેશ્વર પ્રભુની સતત સફળતા માટેના આશીષ હોય અને મા સર્વેશ્વરી ક્યાંય પણ વિચરણ કરતાં હોય છતાં સ્વર્ગારોહણમાં એમની સતત સૂક્ષ્મ હાજરી હોય ત્યાં કાર્યક્રમની સફળતાની શી ચિંતા? મા પ્રભુ સતત સેવાના સત્કાર્યો કરાવે તેવી તેમને પ્રાર્થના.

જે અહીં મૂકીને જવાનું છે તેની પ્રાપ્તિ માટે માનવી વધારેમાં વધારે પુરુષાર્થ કરે છે અને જે સાથે લઇ જવાનું છે તે તો આપણો આત્મપ્રકાશ છે. તે માટે આજનો માનવ ઓછામાં ઓછો જાગૃત ને પ્રયત્નશીલ છે. — યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# શ્રદ્ધાનું શિખર—ભાદરવી પૂનમનો મેળો

**નારાયણ હ. જાની**

ભારતના લોકોના હૃદયમાં કેવી શ્રદ્ધા પડેલી છે તેનું દર્શન કરવાની ઇચ્છાવાળા માણસે એકાદવાર ભાદરવી પૂનમ પર અંબાજી આવવા જેવું ખરું. સુધરેલા લોકો ભલે એવું માને કે આ તો અંધશ્રદ્ધા કહેવાય. ભલે એ લોકો એવું માનતા. છતાં એક વાતની નોંધ તો લીધા વિના ના ચાલે. માણસના હૃદયમાં એવી તો કોઇ ભાવના પડેલી છે, જે એને સ્વેચ્છાએ આવું ચાલવાનું કષ્ટ ઉઠાવવા—અંદરથી પ્રેરણા ધરતી રહે છે. એ સાચું છે કે હૃદયની કેટલીક ભાવનાઓને તર્ક કે બુદ્ધિના ત્રાજવે ના તોલાય. ભાદરવી પૂનમે જગદંબાના પ્રાકટ્યદિન નિમિત્તે—છેક વડોદરા, આણંદ, ખેડા, અમદાવાદ, મહેસાણા, પાટણ સાબરકાંઠા, બનાસકાંઠા જિલ્લાઓની પ્રજાના દિલમાં મા જગદંબા પ્રત્યે આસ્થા ને શ્રદ્ધાની જે ભાવના પડેલી છે, તે જ હજારો નહિ, લાખ્ખો લોકોને પદયાત્રાનાં અનેક કષ્ટો ઉઠાવી—અહીં ખેંચી લાવે છે.

આ પદયાત્રા એટલે નાનામોટા સહુ સ્ત્રી અને પુરુષો, યુવાનો યુવતીઓ, ઘરડા ને રોગીઓ પણ કેવળ શ્રદ્ધાના બળે જ અહીં આ પર્વ પ્રસંગે ઉમટી પડે છે. પગે ચાલતા આવે, પગે ગોટલા બાઝે, છાલા પડે, ફોલ્લા ઉપસી આવે છતાં બોલ મારી અંબે, જય મા અંબે, મોટેથી બોલતા આવે.

ગામે ગામેથી સંઘો આવે, મહિના પહેલાં અંબાજીની ધર્મશાળાઓમાં એડવાન્સ આપી, જગાઓ બુક કરાવી લે. કેટલાક બાધાથી આવે—સંઘમાં અનેક ભાઇબહેનો ને બાળકોને સાથે

લઈને આવે. વિવિધ પોષાકોમાં સજ્જ, કોઈ નાતજાતના ભેદ-ભાવ વગર માને ખોળે બધા જ ચાલ્યા આવે. જાણે એક માના બધા જ બાળક.

અંબાજી આવવાના બે મુખ્ય માર્ગ—તેમાં એક ખેડબ્રહ્માથી આવે ને બીજો પાલનપુર થઈ—અગર ખેરાલુ થઈ—દાંતા થઈ આવે. સહુથી વધારે પદયાત્રીઓની સંખ્યા આ દાંતાના માર્ગ પર દેખાય—ચારેક દિવસમાં આ વર્ષે ત્રણથી ચાર લાખ માણસો આ માર્ગે આવ્યા.

આ પદયાત્રીઓની—અંબાજી નજીક પહોંચ્યા પછીની સમસ્યા હોય તો થોડા વિસામાની, થાકેલા ને છાલા પડેલા પગોની સારવારની અને ચોક્ખા પીવાના પાણીની કે મીઠી છાશની હાશની.

પ. પૂ. મા સર્વેશ્વરીએ પગયાત્રીઓની આ સમસ્યાઓ જાણી લીધી. દાંતાથી અંબાજી આવવાના માર્ગે ચઢાણ પણ ખૂબ, તેમ જ આદિવાસી વિસ્તાર એટલે સુવિધાઓની ઉણપ પણ ખરી.

વળી આ વર્ષે આ પર્વના દિવસો દરમ્યાન વરસાદ પણ એકધારો વરસતો રહ્યો. એટલે શ્રદ્ધાળુ સાધકોની વણઝાર તો એવી રહી—પણ સહુ ભીંજાતા ભીંજાતા ચાલતા રહેતા. તેમાં પવન પણ સૂસવાટાભર વાય, એટલે ઠંડી ખૂબ લાગે. સંભવ છે કે અંતરની શ્રદ્ધાની ઉષ્માના બળે જ આ યાત્રીઓ અંબાજી સુધી પહોંચી શક્યા હશે.

છેલ્લાં ચારેક વર્ષની જેમ આ વર્ષે પણ દાક્તરી સારવારની વ્યવસ્થા, ચોક્ખા પાણી ને છાશની વ્યવસ્થા ઉપરાંત વિસામા-ની વ્યવસ્થા—સ્વર્ગારોહણના દરવાજે ઊભી કરવામાં આવેલી. વરસતા વરસાદમાં લોકો છાશ પસંદ કરશે કે કેમ, એ પ્રશ્નોનો જવાબ પદયાત્રીઓએ જ આપી દીધો. અગાઉના વર્ષોમાં જે



અહીંની મીઠી છાશ પી ગયેલા, તે સામેથી છાશ માટે માગણી કરતા આવ્યા. એથી જ તો છેલ્લા બે દિવસો માટે ખૂબ ઝડપથી આ સેવા શરૂ કરી—જેનો લાભ હજારો માણસોએ લીધો.

દવાઓની—પાટાપીંડીની પણ એટલી જ માંગ. ડો. નિર્વિ-કલ્પ અને તેમની સેવાની ટુકડી માટે આ ખરેખર કસોટીનો કાળ. રાતદિવસ જોયા વગર એમણે અને એમના સાથીઓએ પાંચેક હજારથી વધુ માણસોને આવી દાક્તરી સહાય પૂરી પાડી.

એવુંય લાગ્યું કે ભવિષ્યમાં અંબાજી આવતા પદયાત્રીઓ આ સ્વર્ગારોહણતીર્થની યાત્રાએ પણ આવશે. આ વર્ષે આ તીર્થ અંબાજીનું હરિદ્વાર બન્યું. આ માર્ગનો બધો જ વાહન-વ્યવહાર અહીં સુધી મર્યાદિત કરી દીધેલો. એટલે એસ.ટી. બસો પણ જાણે સ્વર્ગારોહણની પ્રદક્ષિણા કરીને નવા ઊભા કરાયેલ પાર્કીંગ સ્થાનમાં જતી.

સમગ્ર ગુજરાતમાં આ વર્ષે અતિવૃષ્ટિના કારણે ચિકન-ગુનિયા નામો રોગ ફેલાયેલો હતો. વળી વરસાદના સતત ઝાપટાં પણ પડતાં રહેતાં, છતાં પદયાત્રીઓનો ઉત્સાહ અનેરો હતો. એવું લાગતું કે એમની શ્રદ્ધા ‘‘બોલ મારી અંબે જય મા અંબે’’ના અખંડ જયઘોષમાં પડઘાતી હતી. આ વર્ષે પણ કેટલાય પદયાત્રીઓને એ પ્રતીતિ થઈ કે મા અંબાનું સ્થાન તો સાચું, પણ એવું જ એક બીજું જીવંત તીર્થ, સ્વર્ગારોહણ સિવાય બીજું એકે નથી.

રાતો દરમ્યાન અનેક ભાઈબહેનોને સ્વર્ગારોહણને આંગણે વિસામો જડ્યો. ઠંડીમાં ઠૂઠવાતા માણસોને ઓઢવાનું પણ મળ્યું. ધાર્મિકતામાં પણ માનવતા ના ભૂલાય, તે સ્વર્ગારોહણ-માં યાત્રીઓને જોવા મળ્યું.

# એક વાંચકનો પ્રતિભાવ

તંત્રી

શ્રી સંજય ચુનીલાલ સુરૈયા (મોરબી)એ પોતાને અધ્યાત્મ-ના આજીવન સભ્ય તરીકે નોંધવા માટે તા. ૨૨–૯–૦૬ ના રોજ પત્ર લખી ચેક મોકલ્યો છે. તેમના પત્રનો થોડો ભાગ અધ્યાત્મના વાચકો માટે એટલા ખાતર અહીં મૂકીએ છીએ કે તેમાં અધ્યાત્મના પ્રકાશનની સાર્થકતા દેખાય છે, તેઓ લખે છેઃ–

મેં અધ્યાત્મના અમુક અંકો માની કૃપાથી વાંચ્યા છે અંકો મને અતિ પસંદ પડેલ છે.

અંકો વાંચ્યા બાદ તુરત જ મને આજીવન લવાજમ ભરવાની માની અસીમ કૃપાથી વિચાર આવેલ. હું મધ્યમ વર્ગનો નોકરીમાં અતિ બીઝી. સીધો સાદો માણસ છું. તેમ જ સત્ય, અહિંસા અને ઈશ્વરીય શક્તિમાં અતિ શ્રદ્ધા ધરાવું છું. માના લેખો, આપના લેખો તેમ જ અન્ય ધર્મપ્રિય વ્યક્તિઓના લેખો વાંચી માને રૂબરૂ મળતો હોવાનો અને ઈશ્વરનો સાક્ષાત્કાર થવાનો અનુભવ આપના અંકો વાંચી મને થાય છે. સુંદર અંકો પ્રકાશિત કરવા બદલ અભિનંદન.

એક અજાણ્યા યુવકનો આ પ્રતિભાવ અધ્યાત્મ માટેનું અમારે મન મોટું પ્રમાણપત્ર માનું છું.



# પોલિયોગ્રસ્ત કે અપંગોનાં ઓપરેશન

અનામી સેવક

તા. ૧૬ ઓગસ્ટ, ૨૦૦૬ ના રોજ સ્વર્ગારોહણ અંબાજી-માં અપંગો માટેનો એક ખાસ કેમ્પ–ભાવનગરની P.N.R. સોસાયટીની સહાયથી કરેલ. તે દિવસે ગુજરાતમાં બધે ખૂબ વરસાદ હતો, છતાં તે કેમ્પમાં લગભગ ૧૩૫ જેટલા દર્દીઓ આવેલા. તેમાંથી જેઓના ઓપરેશનથી અંગો સારાં કરી શકાય તેવા ૪૦ જેટલા દર્દીઓનું નિદાન થયેલું.

હવે છેલ્લા ૨૦ દિવસથી થોડા થોડા દર્દીઓને અંબાજીથી લાવી, ઓપરેશનો કરવાનું કામ ચાલુ થઇ ગયું છે. અત્યાર સુધીમાં પંદરેક દર્દીઓનાં ઓપરેશનોની કામગીરી થઇ છે. આ કામ ઘણું અઘરું છે. અપંગોને છેક અંબાજીથી ભાવનગર લાવવા–હોસ્પીટલમાં દાખલ કરવા, તેમના ઓપરેશન પૂર્વે બધા દાક્તરી રિપોર્ટ કઢાવી આપવા–આ બધું જ કામ શ્રી હેમલભાઇ, નિલેશભાઇ (ભાવનગર) ખૂબ ભાવપૂર્વક કરી રહ્યા છે. તો તેમની હોસ્પીટલ અંગેની બધી જ જવાબદારી શ્રી રાજુભાઇ જાની અને શ્રી બી. જે. જાગાણી સંભાળી રહ્યા છે. પી. એન. આર. સોસાયટીના દાક્તરો તેમ જ સ્ટાફના માણસોનો પણ સરસ સહકારના લીધે આ શક્ય બન્યું છે, કારણ કે ઓપરેશન પછી પણ ઘણા દિવસો સુધી, તેમને સારવારની જરૂર રહે છે.

આ દર્દીઓ સાથે તેમના ઘરના એક માણસને લાવવાની છૂટ હોય છે. આ બધા લોકોને પોતાને કશો જ ખર્ચ કરવાનો

હોતો નથી. સર્વમંગલ ટ્રસ્ટદ્વારા તેમને રહેવા ખાવાપીવા તેમ જ દવા વગેરેનો ખર્ચ ઉપાડવામાં આવે છે. આ નાનું લાગતું કામ ખૂબ અઘરું ને સતત હાજરી માગી લે તેવું છે. પૂ. માની કૃપાથી જ આ થઇ રહ્યું છે. અપંગ માણસને નવી જીંદગી આપવી એ પ્રભુકૃપા સિવાય ના થઇ શકે. ટ્રસ્ટના ખર્ચે જ આવા દર્દીઓને વધારે હોય તો ખાસ વાહનમાં પાછા પહોં-ચાડવામાં આવે છે.

શ્રી વિઠ્ઠલભાઇ ગોહિલ, શ્રી અજયભાઇ જાની તેમ જ શ્રી બાલુભાઇએ દર્દીઓને સુવિધા પહોંચાડવામાં સહાયરૂપ થયા. જાગાણીએ આ બધા જ માણસોને, પોતાનાં સગાંઓની જેમ ખૂબ ભાવપૂર્વક રોજ નાસ્તો, ફળફળાદિ, કપડાં પૂરતા પ્રમાણ-માં પૂરા પાડી—ઉત્તમ સેવા બજાવી. શ્રી હેમલભાઇએ આ ઓપરેશનોની વિડિયોગ્રાફી કરી. શ્રી રાજુભાઇ જાનીએ તો બધાં જ ઓપરેશનો વખતે—હોસ્પીટલમાં જ હાજર રહી—ટ્રસ્ટ વતી નમૂનારૂપ સેવા કરી. જોનારાઓને લાગ્યું કે મૂક સેવા આવી હોવી જોઇએ.

શું પરમાત્મતત્ત્વનું દર્શન શક્ય છે? તો તેના પ્રત્યુત્તરમાં કહેવું પડે કે હવા કરતાં પણ અતિશય સૂક્ષ્મ પરમાત્મતત્ત્વને સ્થૂળ દૃષ્ટિએ પેખવાનું કાર્ય કપરું હોવા છતાં, ધ્યાનદ્વારા સંપ્રાપ્ત સમાધિની અલૌકિક અવસ્થામાં અતિશુદ્ધ બુદ્ધિવાળા, સદા-ચારી સત્પુરુષો એનું દર્શન કરી શકે છે.

— યોગેશ્વરજી



# મફત રોગનિવારણ સેવાયજ્ઞ

**ડૉ. ઘનશ્યામભાઇ દેસાઇ**

## તા. ૧૮–૯–૨૦૦૬ થી ૨૫–૯–૨૦૦૬ સુધી

અંબાજીના સ્વર્ગારોહણમાં આઠ દિવસ માટે એક ખાસ દવાખાનાનો વિભાગ શરૂ કરવામાં આવેલ, જેનો લાભ લગ-ભગ બે હજાર માણસોને મળ્યો.

વાત એમ બની કે આ વર્ષે આ વિસ્તારમાં ભારે વરસાદને લીધે એક નવા પ્રકારનો રોગ ખૂબ વ્યાપક પ્રમાણમાં ફેલાયો. આને ચિકનગુનિયા કહે છે. આ રોગમાં દર્દીને તાવ સાથે શરીરે સોજા ચઢી જાય ને તે હાલી ચાલી પણ ના શકે. જો યોગ્ય સારવાર ન મળે, તો માણસ દિવસો સુધી પીડાય.

આથી કેટલાક સ્થાનિક લોકોની માગણી અને વિનંતીથી ભાદરવી પૂનમ પછી આવી સારવાર વ્યવસ્થા પૂ. માની અનુમતીથી ગોઠવી શકાઇ. ડો. નિર્વિકલ્પની સેવા મળવાને લીધે તે શક્ય બન્યું.

સ્થાનિક દવાખાનાં તો દર્દીઓથી ઉભરાતાં હતાં, તેમાં પૈસા વગર ગરીબ માણસોનો વારો ક્યાંથી આવે! તો અહીં આ મફત દવા ને સારવારની વ્યવસ્થા થતાં—ગરીબ લોકોને તો ખૂબ જ રાહત થઇ. બેત્રણ દિવસમાં જ લોકો સારા થઇ જતાં એવી હવા ફેલાઇ કે સ્વર્ગારોહણની દવા અને પૂ. માની કૃપાથી જલ્દી સાજા થઇ જવાય છે. તો કેટલાક સુખી માણસો પણ પોતાના વાહનોમાં અહીંથી દવા લઇ જઇ સાજા થઇ ગયા.

# શ્રી શ્રી મા શારદાદેવી—(૧૨)

પ્રો. અરુણિકા મનોજ દ

## (૧૨) શ્રીમાનું દૈવીસ્વરૂપ

શ્રીમા આખો દિવસ સામાન્ય ગૃહિણીની જેમ કામ કરે. શાક સમારે, કપડાં ધૂએ, સૂકવે. વાસણ સાફ કરે. એવા દૈનિક કામકાજમાં વ્યસ્ત દેખાય પણ તેમનું અંતર એવી ઉચ્ચ આધ્યાત્મિક કક્ષાએ સ્થિર રહેતું જ્યાં સદૈવ દિવ્ય પ્રકાશ પથરાયેલો હોય. ભગિની નિવેદિતાએ તેમના એક પત્રમાં શ્રીમાને લખ્યું હતું : ''અંતરિયાળ ઊઠતી તમારી આ સ્મૃતિ રાગ અને દ્વેષના દ્વંદ્વથી રહિત શિખરવાસી શાંતિ સમી છે ને મા? કમળપત્ર પર પડેલા ઝાકળના બિંદુની જેમ સંસારથી અળગી રહીને શ્રીપ્રભુમાં થડકી રહેલી. પૃથ્વીના સંસ્પર્શે જે કોઈ દિવસ મલિન થાય ના?'' ભગિની નિવેદિતાનું આ કથન શ્રીમાનું અસલ સ્વરૂપ નિર્દેશે છે. સાંસારિક કાર્યો અને જવાબદારીઓની વચ્ચે તેમનું ચિત્ત કમલપત્ર પરના ઓસબિંદુ જેવું સ્વચ્છ, નિર્મળ અને અલિપ્ત રહી શકતું તે કેવું આશ્ચર્યકારક કહેવાય!

તેમના સાન્નિધ્યમાં આવનાર સહુ કોઈને તેમનામાં રહેલી દિવ્યશક્તિનો ઓછેવત્તે અંશે પરિચય થયો હતો. કેં કેટલાયને એમની આ દિવ્યશક્તિના પરચા મળ્યાના દાખલાઓ છે. ભક્તજનોનાં મનમાં ચાલતા વિચાર શ્રીમા જાણી લેતાં એટલું જ નહીં, ભક્તો સ્વમુખે પોતાની ઇચ્છા ન દર્શાવે તો પણ તેમની અંતરનિહિત ઇચ્છાને શ્રીમા પરિપૂર્ણ કરી દેતાં. દા. ત. મહેન્દ્ર ગુપ્તની ફૂલચંદનથી શ્રીમાની પૂજા કરવાની મનોમન વિચારેલી ઇચ્છા શ્રીમાએ પોતાની ભત્રીજીને હાથે સામેથી ફૂલચંદન મોકલાવીને પૂર્ણ કરી. રસ્તે ચાલતા સ્વામી તન્મયાનંદે ઇચ્છા કરી કે શ્રીમા પાસે પહોંચી, શ્રીમાની કોઈ પ્રકારની સેવા કરી શકાય તો સારું. શ્રીમા પાસે પહોંચ્યા એટલે શ્રીમાએ પોતાના પગમાં તેલમાલિશ કરવા કહ્યું એથી ઇચ્છાપૂર્તિ થતાં તેઓ સંતોષ પામ્યા. કોઈ ભક્તને શ્રીમાની પથારી કરતાં જોઈ, પ્રફુલ્લમુખીએ મનોમન તેવી ઇચ્છા કરી. શ્રીમા જાણી ગયાં. પેલી સ્ત્રીભક્ત પથારી સરખી કરી ચાલી ગઈ પછી શ્રીમાએ કહ્યું : ''જોયું દીકરી! બધું આડુઅવળું કર્યું છે તે તું બધું ઠીક કરી, સરખી રીતે પથારી કરી આપ.'' અને પ્રફૂલ્લમુખીની મનની ઇચ્છા ફળી. મહાદેવાનંદે શ્રીમાને યાદ કર્યા અને તેમના માથા પરનો બોજો હળવો થયો તે વાત આપણે જોઈ ગયા છીએ.



માતાજીની દીર્ઘદૃષ્ટિ અને અગમચેતી પણ તેમનામાં રહેલી દિવ્યશક્તિનું દર્શન કરાવે છે. મહાદેવાનંદ બહાર જવા માગતા હતા. માતાજીએ કહ્યું : ''ના જતો. હમણાં જ વરસાદ પડશે'' ત્યારે આકાશમાં વાદળા પણ ન હતાં. મહાદેવાનંદે ન માન્યું અને અધવચ્ચે વરસાદ તૂટી પડતાં ક્યાંક આશ્રય લેવો પડ્યો. શ્રીમાએ વૈકુંઠને કહ્યું બેલુરમઠ જવાની જરૂર નથી. સીધો ઘરે જજે. માબાપની સેવા કરજે. વૈકુંઠ ઘરેથી નીકળ્યો ત્યારે તેના પિતાની તબિયત સારી હતી, પણ તે જ્યારે ઘરે પહોંચ્યો ત્યારે તેના પિતા મૃત્યુશય્યા પર હતા અને અઠવાડિયામાં તો મૃત્યુ પણ પામ્યા. શ્રીમાની ચેતવણીએ સીધા ઘરે ગયા તો તેમને પિતાની સારવાર કરવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. પૂર્ણના મૃત્યુના સમાચાર પણ શ્રીમાએ વગર કહ્યે જાણી લીધા હતા.

ભક્તોને માટે શ્રીમા હંમેશા પ્રાર્થના કરતાં. એમને આશિષ આપતાં તે સદૈવ ફળતી. બારીસાલના સુરેન્દ્રનાથને માંદગી આવી. ક્ષયરોગનો ભય હતો. માતાજીએ તેમને પોતાની એક છબી આપી. સુરેન્દ્રનાથ માંદગીમાં શ્રીમાની છબી સતત પોતાના માથા પાસે રાખી મુકતા. તેથી તેમને શ્રીમાની સાક્ષાત્ હાજરીનો અનુભવ થતો. ધીમે ધીમે તેમની તબિયત સારી થઈ.

પૂર્ણચંદ્ર ભૌમિકને મુશ્કેલી આવી પડી. જેલ જવું પડે એવા સંજોગ હતા. શ્રીમાના આશિષે વિટંબણા દૂર થઈ. ક્ષીરોદબાલા રાયને બાર વર્ષથી હાથમાં પીડા થતી હતી. શ્રીમાએ તેના કાંડા સુધીનો હાથ શ્રીરામકૃષ્ણના ચરણામૃત ભરેલા કમંડલમાં બોળાવ્યો. તેથી રોગ અદશ્ય થયો. અલબત્ત માછલી, માંસ, કાંદા લસણના સ્પર્શે તે ફરીથી દેખા દેતો, પણ ઠાકુરની પૂજા અને ઠાકુરના ચરણામૃતે રોગ શમી જતો. વૃદ્ધ નફરચંદ્ર કોલનો એકનો એક પૌત્ર ઈન્ફ્લુએન્ઝાને કારણે સખત બીમારીમાં સપડાયો હતો. પોતાની વૃદ્ધાવસ્થામાં પૌત્રના મૃત્યુનો આઘાત સહન કરવો ન પડે તે માટે તેમણે રડતાં રડતાં શ્રીમાને પ્રાર્થના કરી. શ્રીમાએ તેમની ઈચ્છા પૂર્ણ કરી. વજેશ્વરીદેવી હિસ્ટીરિયાથી પીડાતાં હતાં. એ પીડા દૂર કરવા કોઈએ આપેલું માદળિયું બાંધતાં શ્રીમાને જાણ થતાં તેમણે કહ્યું : "દીકરી! તારે હવે માદળિયું પહેરવાની જરૂર નથી. આ રોગ એમને એમ જ સારો થઈ જશે." અને ત્યારબાદ સાચે જ એ રોગમુક્ત થઈ ગઈ.

શ્રીમાના રોજબરોજના જીવનમાં વચ્ચે વચ્ચે ક્યારેક અચાનક દૈવીભાવ પ્રગટ થઈ જતો અને ભક્તો આશ્ચર્યમાં પડી જતા. એક વાર સવારે સ્વામી ઋતાનંદ જયરામવાટીમાં



માતાજીના ઓટલા પર બેસી મમરા ખાતા હતા. માતાજી વરંડો વાળતાં હતાં. એટલામાં દરવાજે એક ભિખારીએ બૂમ પાડી "મા ભિક્ષા આપો." સાંભળીને શ્રીમા સ્વગત બોલ્યાં "હું તો મારા અનંત હાથોથી પણ કામ પૂરું કરી શકતી નથી." શ્રીમાના કોમળ સાદે સ્વામી ઋતાનંદે તેમની તરફ જોયું એટલે ઝાડું વાળવાનું બંધ રાખી શ્રીમા હસતાં હસતાં બોલ્યાં : "મજા જુઓ! મારા તો બે જ હાથ છે ને, હું કહું છું કે મારા અનંત હસ્ત છે."

શ્રીરામકૃષ્ણના લીલાસંવરણ પછી શ્રીમા એકવાર કામર-પુકુરથી જયરામવાટી આવતાં હતાં. એમના નાના ભત્રીજા શિવરામ ત્યારે કપડાંની પોટલી લઈ એમની પાછળ પાછળ આવતા હતા. શિવરામને સત્ય જાણવાની ઈચ્છા થઈ. તેમણે માતાજીને પૂછ્યું : "તમે કોણ છો તે કહેશો?" શ્રીમાએ કહ્યું : "તારી કાકી છું." પણ શિવરામને તો સત્ય જાણવું હતું એટલે તે જીદે ચઢ્યો કે સાચી વાત કરો તો જ આવું, નહીં તો આ ઊભો. સૂર્યાસ્તની તૈયારી હતી એટલે શ્રીમાને સત્ય જણાવવું જ પડ્યું કે તેઓ ખુદ મા કાલી જ છે. બીજા એક પ્રસંગમાં પણ તેણે જીદ કરીને રડતાં રડતાં શ્રીમાને પોતાનો ભાર લેવા જણાવ્યું હતું. તે પ્રસંગ પછી તેના અનુસંધાનમાં શિવરામે વરદાને કહ્યું હતું : "ભાઈ, માતાજી તો સાક્ષાત્ મા કાલી છે. એ જ ભાગ્યવિધાત્રી છે. એમની કૃપાથી જ મુક્તિ મળે."

કોઈવાર અંગત વાતચીતમાં એમનો એ દૈવીભાવ પ્રગટ થઈ જતો. પણ લોકવ્યવહારમાં જાણી જોઈને તેઓ એ ભાવ પ્રકાશ પામવા ન દેતાં. ક્યારેક અસ્પષ્ટપણે દૈવીભાવનો સ્વીકાર પણ કરતાં. એકવાર શૈલબાળા ચૌધરીએ પૂછ્યું : "મા, ઠાકુરના નામનો જપ તો શીખવ્યો પણ આપના નામનો

જપ કેવી રીતે કરું?'' ત્યારે શ્રીમાએ કહ્યું : '' 'મા' કહીને કરશે તો ચાલશે.'' એક વાર એક સંન્યાસીએ ખેદ વ્યક્ત કરતાં કહ્યું કે હું તમને મા તરીકે સમજી નથી શકતો ત્યારે શ્રીમાએ કહ્યું હતું : ''જો હું તમારી મા ન હોઉં તો તે આટલા બધા મારી પાસે શા માટે આવો છો? હું તમારી મા જ છું. તમે લોકો સમય જતાં એ સમજી શકશો.''

ગિરીશને કોલેરા થયો. ત્યારે સ્વપ્નમાં તેણે શ્રીમાની માતૃમૂર્તિને પ્રસાદ આપતાં જોઇ હતી. એ પ્રસાદપ્રાપ્તિ પછી તેની તબિયત સારી થઇ હતી. તે પહેલાં તેણે કદી શ્રીમાને જોયાં પણ ન હતાં. જોયા પછી સત્ય સમજાતાં તેણે શ્રીમાને પૂછ્યું : ''મા, તમે કેવાં મા છો?'' તરત શ્રીમાએ કહ્યું : ''હું તમારી સાચી જ મા છું. ગુરુપત્ની નથી, ધર્મની મા નથી, નામની મા નથી. સાચી જ મા છું.''

એક સ્ત્રીભક્તે માતાજીને પૂછ્યું : ''તમે ભગવતી છો એ અમે કેમ સમજી શકતાં નથી?'' માતાજીએ ખૂબ સુંદર સદૃષ્ટાંત જવાબ આપ્યો ''બધા જ કંઇ એ સમજી શકે? એક તળાવના ઓવારા પર એક હીરો પડ્યો હતો. સહુ એમ માનતા કે એ પથ્થર છે એટલે એના પર પગ ઘસીને તળાવમાં નાહીને સહુ ચાલ્યા જતા. એક દિવસ એક ઝવેરી ત્યાં આવી ચઢ્યો. એ સમજ્યો કે આ એક તેજસ્વી મૂલ્યવાન હીરો છે.'' માતાજી પાસે આવા કેટલાક ઝવેરીઓ આવતા હતા જે શ્રીમાનું હીર પારખી શકતા હતા.

એકવાર એક ભક્તના મનમાં પ્રશ્ન ઊઠ્યો કે ઠાકુર અને શ્રીમા સીતારામ અથવા રાધાકૃષ્ણની જેમ અભિન્ન હોય તો માતાજી આમ સાધારણ માણસની જેમ વ્યવહાર કેમ કરે છે? તેણે શ્રીમાને પૂછી લીધું : ''તો પછી આપને સાધારણ સ્ત્રીની



માફક બેઠાં બેઠાં રોટલી વણતાં જોઉં છું તે બધું શું? માત્ર માયા છે કે શું?'' શ્રીમાએ પ્રત્યુત્તરમાં કહ્યું : ''માયા જ. બીજું શું? માયા ન હોય તો મારી આવી દશા શા માટે? હું વૈકુંઠમાં નારાયણ સાથે લક્ષ્મી બનીને બેસી રહેત. પણ ભગવાનને તો નરલીલા કરવી ગમે છે ને?...આ એક પ્રકારની માયા લઇને રહેવાનું બીજું શું?''

સગાંઓના ત્રાસથી પીડાઇને એક દિવસ જયરામવાટીમાં માતાજીએ કહ્યું : ''જુઓ, તમે મને બહુ ત્રાસ ન આપતા. આની અંદર જે રહે છે તે એક દિવસ ફૂંફાડો મારશે તો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ તમારું રક્ષણ નહીં કરી શકે.'' એક વાર પાગલીમામીએ ગુસ્સાથી શ્રીમાને કહ્યું : ''જા મરી જા.'' શ્રીમા બોલ્યાં : ''એ જાણતી નથી કે હું તો મૃત્યુંજયી છું.'' બીજી એક વાર એક સ્ત્રી ભક્તને તેમણે કહ્યું : ''ભગવાન ન હોય તો શું માણસ આટલું સહન કરી શકે? આ તો દૈવી શરીર છે. મારી હયાતીમાં આ લોકોમાંના કોઇ મને સમજી નહીં શકે, પછી બધું સમજશે.''

એક સમજદાર સ્ત્રી ભક્તે સાચું જ કહ્યું હતું કે જીવ માત્ર અહંકારથી ભરપૂર છે. માતાજીના દૈવીભાવનું એ જ લક્ષણ છે કે એમનામાં લેશ માત્ર પણ અહંકાર નથી. હજારો લોકો માતાજીની સામે સાષ્ટાંગ પ્રણામ કરે છે અને કહે છે : ''આપ તો લક્ષ્મી છો, જગદંબા છો'' માતાજી જો માણસ હોત તો ગર્વથી ફુલાઇ જાત. આટલું માન કંઇ સાધારણ માણસ પચાવી શકે? આ સાંભળી માતાજીએ એ ભક્ત તરફ માત્ર એક પ્રસન્ન દૃષ્ટિપાત કર્યો.

કોઇ પણ સામાન્ય સ્ત્રી હોય તો તે આટલા બધા ભક્તજનોનાં 'મા' 'મા'ના પોકારથી ગર્વથી ફુલાઇ જાય.

આટલું માન કોઇ સાધારણ વ્યક્તિ જીરવી ન શકે. જેનું આંતરમન ગંગાસમ સદૈવ પવિત્ર હોય, જ્યોત્સ્ના કરતાં વધારે નિર્મળ હોય, જે હંમેશા પોતાના શરીરને કષ્ટ આપીને પણ અન્યનાં કષ્ટો દૂર કર્યાં કરે, અન્યની ચિંતા કરવામાં વ્યસ્ત રહે, તેમની પીડા પોતે ભોગવે તે વ્યક્તિ સાધારણ સ્ત્રી કેમ કહેવાય? શ્રીમાની આ અસાધારણ શક્તિ તેમને દિવ્યત્વ અર્પે છે. તેથી જ તેઓ સામાના મનમાં રહેલી વાત જાણી લેતાં અને શ્રીપ્રભુની જેમ ભક્તોના ભાવને સમજીને તેમને સંતુષ્ટ કરતાં.

એકવાર તન્મયાનંદે માતાજીના ચરણોની પૂજા કરી પૂછ્યું : ''ઠાકુર જો સ્વયં ભગવાન હોય તો આપ કોણ છો?'' જવાબમાં શ્રીમાને કહેવું પડ્યું : ''હું બીજી કોણ હોઇ શકું? હું પણ ભગવતી છું.''

શ્રીમાએ અનેકોને આશીર્વાદ આપ્યા અને તે ફળ્યા પણ હતા. એક વાર વરસાદ ઓછો પડવાને લીધે જયરામવાટી અને આસપાસના ગામડાઓના ખેતરોમાં પાક સુકાવા લાગ્યો. નિરાધાર ખેડુતોએ માતાજી પાસે ધા નાખી. શ્રીમાનું હૃદય દ્રવી ઊઠ્યું. તેઓ એમની સાથે ખેતરો જોવા ગયાં. ચોમેર નજર કરી, દુઃખપૂર્વક બોલ્યાં : ''અરેરે ઠાકુર! આ શું કર્યું? છેવટે બધા શું ખાધા વગર મરી જશે? અને શ્રીમાના આશિષથી તે રાતે જ મૂશળધાર વરસાદ પડ્યો અને કોઇ જ વરસે નહોતો થયો એટલો પાક તે વરસે ઉપજ્યો.

શ્રીમાના આશિષ તો ફળે જ, સાથે અભિશાપ પણ સત્ય જ ઠરે. અલબત્ત કહેવાય છે કે સતી સ્ત્રી શાપ દે નહીં એ ન્યાયે શ્રીમા ભાગ્યે જ કોઇ માટે કડવાં વેણ કહે. પણ રાધુ અને તેની મા પાગલીમામીએ વાસ્તવજીવનમાં શ્રીમાને અનેક રીતે હેરાનપરેશાન કર્યાં હતાં. રાધુ સુવાવડ પછી અશક્ત થઇ ગઇ



હતી. એને એ અવસ્થામાં અફીણ ખાવાની આદત પડી ગઇ હતી. રોજ વધારે અફીણ ખાવા માટે તે શ્રીમાને પજવતી. શ્રીમા તેની ટેવ ભુલાવવા માગતાં હતાં, પણ રાધુ માનતી ન હતી. તે સમય દરમ્યાન શ્રીમાની તબિયત પણ સારી રહેતી ન હતી, છતાં તેઓ આ બધી ઉપાધિઓ સ્વસ્થતાથી સહન કર્યા કરતાં હતાં. એક વાર શ્રીમા શાક સમારતાં હતાં અને રાધુ અફીણ લેવા આવી. માતાજીએ રાધુને પ્રેમાળ ઠપકો આપ્યો તો ખીજવાયેલી રાધુએ માતાજીને પીઠ પર જોરથી રીંગણું માર્યું. એ વાગતાંની સાથે માતાજી બેવડ વળી ગયાં. પીઠનો એ ભાગ લાલ થઇ ગયો. સૂઝી ગયો પણ માતાજીએ ઠાકુરની છબી તરફ જોઇ, હાથ જોડી કહ્યું : ''ઠાકુર એ અણસમજુ છે એનો દોષ મનમાં ન લાવતાં'' પછી પોતાની ચરણરજ રાધુને માથે મૂકી કહ્યું : ''તું મારું મૂલ્ય શું સમજે છે રાધી, હું ગુસ્સે થાઉં તો ત્રિભુવનમાં પણ કોઇ તને આશ્રય નહીં આપે. ઠાકુર! એનો અપરાધ મનમાં ન આણશો.''

એ જ રાધુ ગુસ્સે થઇ શ્રીમાને કહેતી : ''તું મરી જા.'' અને શ્રીમા તેને સમજાવતાં ''હું મરી જઇશ ત્યારે તારી કેવી દશા થશે તે ખબર પડશે.'' રાધુના અત્યાચારથી શ્રીમાને પોતાના હાડકાં સુદ્ધાં બળતાં લાગતાં અને પાસે રહેનાર સ્ત્રીભક્તને શ્રીમા પોતાને પંખો નાખવા માટે કહેતાં.

'શ્રી રમણ મહર્ષિ સાથેના વાર્તાલાપો'

# 'સભાન શાશ્વતી'

સંપાદન : પૉલ બ્રન્ટન—વેંકટશમૈયા
અનુવાદ : પ્રો. તરલા દેસાઇ

(નોંધ : એક ઓછું ભણેલા વાચકે અમને પૂછ્યું આ 'સભાન શાશ્વતી' કંઇ સમજાતું નથી. અમે એને કહ્યું : એનો સીધો સાદો અર્થ એ છે કે દરેક માણસ આત્મશક્તિથી જીવે છે. પણ તે એમ માને છે કે આ શરીરથી હું જીવું છું. તો પોતે શરીરથી નહિ પણ આત્મશક્તિથી જીવે છે. એવું સતત યાદ રાખી જીવવું એને ટૂંકમાં 'સભાન શાશ્વતી' કહેવાય. —તંત્રી)

## પ્રકરણ : ૩ આહાર અંગે

પ્રશ્ન : આત્માના સંદર્ભમાં દેહનું કોઇ મૂલ્ય ખરું?

મહર્ષિ : હા, દેહની મદદ થકી આત્માનો સાક્ષાત્કાર થાય છે.

પ્રશ્ન : આહાર અંગે શું?

મહર્ષિ : આહાર મન પર અસર કરે છે. યોગ્ય આહાર એને વધારે સાત્ત્વિક બનાવે છે. કોઇ પણ પ્રકારના યોગની તાલીમ માટે શાકાહારીપણું અત્યંત આવશ્યક છે.

પ્રશ્ન : જે શાકાહારી આહારથી ટેવાયા નથી તેમનું શું?

મહર્ષિ : આદત વાતાવરણ સાથેનું માત્ર સમાધાન છે. મન જ કર્તાહર્તા છે. અમુક પ્રકારનો ખોરાક સ્વાદિષ્ટ છે એવું વિચારવાની મનને ટેવ પાડવામાં આવી છે. માંસાહાર કરતાં તલમાત્ર પણ ઓછું નહિ એવું પોષણ શાકાહારી ખોરાકમાંથી મેળવી શકાય. કિન્તુ આત્મજ્ઞાની મન ખવાતા ખોરાકથી પ્રભાવિત થતું નથી. તેમ છતાં ધીમે ધીમે શાકાહારની ટેવ પાડી શકાય.



પ્રશ્ન : પણ જો અહિંસાની જ વાત હોય તો છોડોમાં પણ જીવ હોય છે.

મહર્ષિ : અને તમે જે લાદી પર બેસો છો તે પણ સજીવ છે!

પ્રશ્ન : માંસ ખાનાર વ્યક્તિ આધ્યાત્મિક જાગૃતિ પ્રાપ્ત કરી શકે ખરી?

મહર્ષિ : હા, પણ ધીરે ધીરે તે ત્યજી દો અને તમારી જાતને સાત્ત્વિક ખોરાકની ટેવ પાડો. જેમ કોઇ મોટી જવાળામાં તમે શું ઇંધણ નાખો છો એ મહત્ત્વનું નથી તેમ એકવાર આત્મજાગૃતિ આવ્યા પછી તમે શું ખાઓ છો એની અસરકારકતા ઓછી થઇ જશે.

●●● ●●● ●●●

એક ભક્ત દિવસમાં એક જ વાર બહુ જ ઓછો ખોરાક લેવાનો કડક નિયમ પાળતો હતો તેને નાસ્તા વેળા ટકોર કરતાં મહર્ષિએ કહ્યું, 'તમે કોફી પણ કેમ ત્યજી નથી દેતા?' આહાર નિયંત્રણ પર વધારે પડતો ભાર મૂકવા બદલ ઠપકો આપવાનો તેમનો ભાવ હતો.

પ્રશ્ન : તમે માંસ અને દારૂ છોડી દેવાનું સૂચવો છો?

મહર્ષિ : હા. એ શરૂઆતમાં ઉપયોગી સહાય હોય છે. તેઓ ખરેખર ઉપયોગી હોય છે એટલે એમને શરણે જવામાં મુશ્કેલી નથી, પણ આપણે તેમના વ્યસનની થઇ જઇએ છીએ. જ્યાંસુધી મન સમજણમાં દૃઢ નહિ હોય એને કોઇ ચિત્ર કે વિચાર અવલંબન માટે રાખવો પડે. નહિ તો ધ્યાન ક્યાં તો નિદ્રા, ક્યાં તો ભટકતા વિચારો માટે તરત જ અવકાશ ઊભો કરી દેશે. દરેક ખોરાકમાં એક સૂક્ષ્મ તત્ત્વ હોય છે અને એ જ મનને અસર કરે છે. તેથી જે આત્માની ખોજ માટે ધ્યાનનો અભ્યાસ કરે છે તેમને માટે આહારના નિયમો નક્કિ કરવામાં

આવ્યા છે, એને અનુસરવા સલાહભર્યું છે. માંસ જેવા રાજસિક ખોરાક અને તામસિક ખોરાક એને મંદ કરે છે.

પ્રશ્ન : તમે ઈંડા નહિ પણ દૂધ શા માટે લો છો?

મહર્ષિ : પાળેલી ગાયો તેમનાં વાછરડાંને જોઈએ તેના કરતાં વધારે દૂધ ધરાવે છે અને તે વછૂટતાં—તેનાથી મુક્ત થતાં તે આનંદ અનુભવે છે. ઈંડા સજીવ હોય છે.

પ્રશ્ન : હું દિવસમાં ત્રણથી ચાર વાર ખોરાક લઉં છું અને શારીરિક જરૂરિયાતોમાં એટલો રચ્યોપચ્યો રહું છું કે શરીરથી ત્રાસી જાઉં છું. હું શરીરરહિત થઈ શકું એવી કોઈ અવસ્થા છે કે જેથી હું આ શારીરિક જરૂરિયાતોના ત્રાસમાંથી મુક્ત થાઉં?

મહર્ષિ : આસક્તિ નુકસાનકારક છે, ક્રિયાઓ સ્વયં ખરાબ નથી. દિવસમાં ત્રણ—ચારવાર ખાવામાં કંઈ નુકસાન નથી. પણ 'મારે આ પ્રકારનો ખોરાક જોઈએ છે અને આ નહિ' એવું ન કહો. એટલું જ નહિ, આ ભોજનો તમે જાગૃત અવસ્થાના બાર કલાકમાં જ લો છો. પણ નિદ્રાના બાર કલાક તો તમે ખાતા નથી. શું નિદ્રા તમને મુક્તિ તરફ દોરી જાય છે? માત્ર ક્રિયારહિતતા મનુષ્યને મુક્તિ તરફ લઈ જાય છે એવું માની લેવું મિથ્યા છે.

પ્રશ્ન : ધૂમ્રપાન ચાલુ રાખવું નુકસાનરહિત છે?

મહર્ષિ : ના, તમાકુ એક ઝેર છે. એના વિના ચલાવી લેવું વધારે સારું. તમાકુ વધારે તલબ જગાડે એવી પ્રતિક્રિયા માટેનું ક્ષણજીવી ઉત્તેજન છે. વળી એ ધ્યાનના અભ્યાસ માટે પણ સારું નથી.

પ્રશ્ન : ધ્યાન વધારે એવું કોઈ ઔષધ છે ખરું?

મહર્ષિ : ના. કારણ કે એને વાપરનાર ટેવવશ તેને લીધા વિના ધ્યાન કરવા અસમર્થ રહેશે.



જેઓ અફિણ કે આલ્કોહોલ લે છે એ પોતાના સાચા સ્વરૂપની આનંદમય વિચારરહિત અવસ્થાને જ અભાનપણે શોધે છે. તેઓ ઔષધોથી એ આનંદનો સંપર્ક કરે છે પણ પાછા તેઓ પોતાની સહજ અવસ્થામાં આવી જાય છે અને તલસાટ પુનઃ વધારે તીવ્ર બની પાછો ફરે છે અને એ પદાર્થનો કાયમી બંધાણી અને ગુલામ બની બેસે છે. આવા સર્વ કૃત્રિમ ઉત્તેજકોથી છેવટે પતન જ થાય. જો મન શાન્ત થઈ જાય તો બધું જ જીતી શકાય. (ક્રમશઃ)

# શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી

**(એપ્રિલ ૨૦૦૬થી ચાલુ)** **શ્રી યોગેશ્વરજી**

અજઃ સર્વેશ્વરઃ સિદ્ધઃ સિદ્ધિઃ સર્વાદિરચ્યુતઃ।
વૃષાકપિરમેયાત્મા સર્વયોગવિનિઃ સૃતઃ ॥૧૧॥

જન્મરહિત છો, ઈશ્વર સૌના, સિદ્ધિ તેમ જ સિદ્ધ તમે,
સર્વ જગતના મૂળતત્ત્વ છો, અવિચળ એવા એક તમે;
અમેય, ધર્મતણા રક્ષક છો, અસંગ કર્મ કરો તોયે,
નિત્યમુક્ત તમને ભજવાથી મેળવશે મુક્તિ કો'યે.

વસુર્વસુમનાઃ સત્યઃ સમાત્માઽસંમિતઃ સમઃ।
અમોઘઃ પુણ્ડરીકાક્ષો વૃષકર્મા વૃષાકૃતિઃ ॥૧૨॥

વસ્યા સર્વમાં ઉદાર મનના, સત્ય સમાન સદાયે છો,
એક જ સરખા, અમોઘ તેમજ કમળનેત્ર ને ધાર્મિક છો;
ધર્મરૂપ છો, ધર્મસ્થાપના કરવાને સાકાર બનો,
ધર્મમાર્ગથી ચાલે તેનાં સંકટ તેમ જ કલેશ હણો.